
# સંતબાલજી

જીવનકવન અને પ્રેરક પ્રસંગો



ગુણવંત બરવાળિયા

# સંતબાલજી

## જીવન, કવન અને પ્રેરક પ્રસંગો


: લેખન સંપાદન :-

ગુણવંત બરવાળિયા



: પ્રકાશક :

વિશ્વ વાત્સલ્ય પ્રાયોગિક સંઘ

પૂ. મુનિશ્રી સંતબાલજી જન્મશતાબ્દી મહોત્સવ સમિતિ

માતૃસમાજ બિલ્ડીંગ, કિરોલ રોડ, કામાલેન,

ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૬.

ફોન : ૦૨૨ - ૨૫૧૩૫૪૪૪

**Santbalji**
**Jivan Kavan Ane Prerak Prasango**
**By Gunvant Barvalia (Gunjan)**
**Aug. 2019**

પ્રથમ આવૃત્તિ :- ઓક્ટોબર ૨૦૦૩
પ્રત ૨૦,૦૦૦ (વીસ હજાર)
દ્વિતીય આવૃત્તિ :- નવેમ્બર, ૨૦૦૬
તૃતીય આવૃત્તિ :- જાન્યુ. ૨૦૧૧
ચોથી આવૃત્તિ :- ઓગસ્ટ ૨૦૧૯

પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :
મગનલાલ હરિલાલ દોશી, પ્રમુખ
વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘ
માતૃસમાજ બિલ્ડીંગ કિરોલ રોડ,
કામાલેન, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ-૮૬.
ફોન : ૦૨૨-૨૫૧૩૫૪૪૪

મહાવીરનગર આંતરરાષ્ટ્રીય કેન્દ્ર
વાનગાંવ નકા, ચિંચણી,
તા. દહાણું, જિ. થાણા
ફોન : ૦૨૫૨૮૨૪૨૯૪૧, ૦૨૫૨૮૨૪૨૧૪૬

મુદ્રક :
અરિહંત પ્રિ. પ્રેસ, પંતનગર
ઘાટકોપર
મો. : ૯૨૨૩૪૩૦૪૧૫
ઓ. : ૨૧૦૨૯૩૪૧

# સંપાદકનું નિવેદન

મુનિશ્રી સંતબાલજી ક્રાંતિકારી જૈન સંત હતા. તેઓશ્રીના જીવનકાળ દરમ્યાન તેમણે જૈન ધર્મ, ભારતીય દર્શનો અને અધ્યાત્મ વિષયક વિપુલ સાહિત્યસર્જન કર્યું હતું.

તેમની દાયકાઓની વિહારયાત્રામાં તેમણે જૈનધર્મની પ્રભાવના કરવા સાથે, સત્ય અને અહિંસા, સર્વધર્મ સમભાવ, વ્યસનમુક્તિ, અન્યાય પ્રતિકાર, સ્ત્રી ઉત્થાન, માનવરાહત, ધર્મ દૃષ્ટિએ સમાજરચના, ખેડૂતો, આદિવાસીઓ વગેરેના વિવિધ સંગઠનો સાથે સમાજ ઘડતરના કાર્યો કર્યા હતા. તેમની પ્રેરણાથી ગુજરાત અને મહારાષ્ટ્રમાં કેટલીક સંસ્થાઓ મુનિશ્રીના આદર્શો, ઉદ્દેશો પ્રમાણે કાર્ય કરી રહી છે.

મુનિશ્રીનું જન્મશતાબ્દી વર્ષ ૨૦૦૩-૨૦૦૪ છે. નવી પેઢી મુનિશ્રીનું જીવન તથા કવન જાણે અને તેમના જીવન અને કવનમાંથી પ્રેરણા મળે તે હેતુથી ‘સંતબાલજી : જીવન, કવન અને પ્રેરક પ્રસંગો’ પુસ્તિકાનું પ્રકાશન કરેલ; જેની ચોથી આવૃત્તિ પ્રસ્તુત કરીએ છીએ.

આ પરિચય પુસ્તિકામાં સંસ્થા દ્વારા ચાલતી વિવિધલક્ષી પ્રવૃત્તિઓ અને કુદરતી ઉપચાર કેન્દ્રની વિગતો આપવામાં આવી છે.

મુનિશ્રીનું વ્યક્તિત્વ, બહુમુખી પ્રતિભા, કાર્યો અને વિપુલ સાહિત્ય સર્જન એટલું વિશાળ અને વિરાટ છે કે તેના પર સંશોધન કરી Ph.D. માટેના વિવિધ શોધ પ્રબંધ તૈયાર કરી શકાય, પરંતુ આપણે આ જલરાશિમાંથી આચમન કરીશું.

ગુણવંત બરવાળિયા
૬૦૧ સ્મિત એપાર્ટમેન્ટ, 9820215542
ઉપાશ્રયલેન, ઘાટકોપર (ઈ), મુંબઈ - ૪૦૦ ૦૭૭.
સપ્ટે. ૨૦૧૯

## સંતબાલજી

### અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | જન્મ, માતા-પિતા, બાલ્યાવસ્થા | ૫ |
| ૨. | મુંબઈનું જીવન | ૧૧ |
| ૩. | શિવલાલ સૌભાગ્યચંદ્ર થયા | ૧૫ |
| ૪. | સંયમી જીવન-સાધના અને સાહિત્યસર્જન | ૨૦ |
| ૫. | સંતબાલજીની લોકકલ્યાણની પ્રવૃત્તિઓ | ૨૫ |
| ૬. | વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘ | ૩૪ |
| ૭. | મહાવીરનગર આંતરરાષ્ટ્રીય કેન્દ્ર | ૩૮ |
| ૮. | મહાવીરનગરમાં સ્થિરવાસ અને કાળધર્મ પામ્યા | ૪૨ |
| ૯. | સંતબાલજીની કાવ્યમય રચનાઓ | ૪૪ |
| ૧૦. | પૂ. સંતબાલજીના જીવનના પ્રેરક પ્રસંગો | ૫૨ |
| ૧૧. | પૂ. સંતબાલજીની રત્નકણિકાઓ | ૬૪ |
| ૧૨. | મુનિશ્રી સંતબાલજીના જીવનમાં સેવાભાવનું દર્શન | ૬૮ |


# ૧ જન્મ, માતા-પિતા, બાલ્યાવસ્થા

આપણો ભારત દેશ વિશ્વમાં અજોડ છે. અનેક દૃષ્ટિએ તેનું ખૂબજ મહત્ત્વનું અને ગૌરવવંતુ સ્થાન છે. આર્થિક દૃષ્ટિએ ભલે આપણા દેશનું સ્થાન આગળ પડતું નથી પરંતુ ધર્મ અને ઉત્તમ માનવીય ગુણની દૃષ્ટિએ વિશ્વમાં એ સૌથી પ્રથમ સ્થાન ધરાવે છે. આજના અશાંત જગતને શાંતિનો શુભ સંદેશ આપી, શાંતિને માર્ગે લઈ જવાનું કાર્ય ભારતદેશ કરી શકે તેમ છે.

અનેક રાજ્યોમાં વિભક્ત થયેલ આપણો દેશ વિશાળ છે. એની ભૌગોલિક સીમાઓ ઘણી વિસ્તૃત છે. અનેક રાજ્યોમાં વહેંચાયેલ આપણા દેશનું ખૂબ અગત્યનું રાજ્ય ગુજરાત છે. આ ગુજરાત રાજ્યનો એક મહત્ત્વનો પેટાવિભાગ સૌરાષ્ટ્ર છે. આ સૌરાષ્ટ્રની પુણ્યપવિત્ર ભૂમિનું યશોગાન કવિઓએ મન મૂકીને ગાયું છે. અનેક સાહિત્યકારોએ અપાર મમત્વથી એની ગૌરવગાથા વર્ણવી છે. જતિ-સતી અને શૂરવીરોની આ ભૂમિને આપણા સ્વ. કવિ ત્રિભુવન વ્યાસ વર્ણવે છે,

'ભક્ત નરસિંહ જ્યાં નાચીઓ નેહમાં
સંપદા પામ્યો જ્યાં સુદામો
વીર ગાંધી, દયાનંદ જ્યાં નિપજ્યાં
સતી અને સંતનો જ્યાં વિસામો
ગામ ગામે ઊભા સ્થંભ પોકારતા
શૂરના ગુણની ગાથ વરણી
ભારતીભોમની વંદુ તનયા વડી
ધન્ય હો ! ધન્ય સૌરાષ્ટ્ર ધરણી !'

આ કાવ્યમાં કવિએ ભારતમાતાની લાડલી મોટી દીકરી તરીકે સૌરાષ્ટ્રને ગણાવી છે. આ પવિત્ર ભૂમિમાં વિશ્વવંદનીય વિભૂતિઓ પૂ. મહાત્મા ગાંધીજી અને સ્વામી દયાનંદ સરસ્વતી થઈ ગયા છે એ હકીકત કવિએ દર્શાવી છે.

પોરબંદરના દરિયાકિનારે ગાંધીજીનો જન્મ થયો છે, પરંતુ દયાનંદ સરસ્વતી ટંકારામાં જન્મ્યા છે અને ટંકારાથી ૪ માઈલ દૂર 'ટોળ' ગામે સંતબાલજીનો જન્મ થયો છે અને ટંકારાથી થોડે દૂરના ગામ વવાણિયામાં શ્રીમદ્ રાજચંદ્રજીનો જન્મ થયો છે. આ રીતે મોરબીએ ત્રણ મહાપુરુષોની જગતને ભેટ આપી છે. આ ત્રણેય મહાપુરુષોનું વિશ્વને મહાન પ્રદાન છે, પરંતુ આ પ્રકરણમાં તો મારે સંતબાલજી વિશેની હકીકત જ વર્ણવવાની છે.

**સંતબાલજીનો જન્મ :** મોરબી તાલુકામાં આવેલા 'ટોળ' નામના નાનકડા ગામમાં તા. ૨૬-૮-૧૯૦૪ ના રોજ તેઓનો જન્મ થયો હતો. સંવત ૧૯૬૦ ના શ્રાવણ સુદ પૂનમ (બળેવ) નો દિવસ હતો. એક ગરીબ જૈન કુટુંબમાં જન્મેલી આ વ્યક્તિ ક્રમશઃ વિકાસની ભૂમિકાએ આગળ વધીને સહુ કોઈના આદરનું ઉત્તમ



સ્થાન મેળવે છે. આ ટોળ ગામની વસ્તી ઘણી થોડી, આશરે ૫૦૦ માણસોની હતી. અર્થાત્ જનસંખ્યાની દૃષ્ટિએ આ નાનું ગામડું હતું. આ ગામની મુખ્યવસ્તી મુમના મુસ્લિમોની હતી. આ મુસ્લિમો ઉપરાંત, ગામમાં થોડા હિંદુ કુટુંબો અને હરિજન પરિવાર પણ રહેતા હતા. આ ગામના લોકો સંતોષી, સુખી અને ઈશ્વરપરાયણ હતા. નાતજાતના ભેદભાવ વિના એકમેકની સાથે હળીમળીને સંપૂર્ણપણે બિનસંપ્રદાયવાદી, પૂરેપૂરી ભાઈચારાની લાગણીથી એકમેકના જીવનમાં ઉપયોગી થઈ સરસ જીવન પસાર કરતા હતા.

આ ગામમાં પિતા નાગજીભાઈ દેવજીભાઈને ત્યાં મોતીબહેન માતાની કૂખે સંતબાલજીનો જન્મ થયો હતો. તેમનું સંસારી નામ શિવલાલ હતું. શિવલાલને મણિબહેન નામની એક બહેન હતી અને તે શિવલાલથી પાંચ વર્ષ નાની હતી. આ રીતે નાનું કુટુંબ ટોળ ગામમાં વસવાટ કરીને રહેતું હતું. શ્રી નાગજીભાઈએ નાનકડા ગામમાં દુકાન કરી હતી, પરંતુ કુટુંબના ભરણ-પોષણ માટે પૂરતી કમાણી થતી ન હતી. ખૂબ નબળી આર્થિક સ્થિતિમાં કેમ ટકી રહેવું તેની ચિંતા તેઓને સતત થતી હતી.

નાગજીભાઈ ટોળ ગામમાં પોતાનો વેપાર સારી રીતે ચલાવી શક્યા નહીં. તેથી તેઓએ રાજકોટ જઈને વસવાટ કર્યો. રાજકોટનો વસવાટ ન ફાવવાથી ફરી તેઓ વતન ટોળમાં આવ્યા. ઘરખર્ચ ચલાવવા માટે મોતીબહેન મીઠાઈ બનાવી આપે અને નાગજીભાઈ તે મીઠાઈ વાંકાનેર વેચીને ઘરખર્ચને પહોંચી વળવા મહેનત કરે. આમ કરવાથી ખૂબ પરિશ્રમ પડતો અને એવો પરિશ્રમ સહન નહિ થવાથી નાગજીભાઈની તબિયત બગડી. તેઓની માંદગી વધતી ગઈ અને તેમનું અવસાન થયું. શિવલાલની ખૂબ નાની ઉંમરે પિતાનું અકાળે અવસાન થયું. લોકો તેને કહેતા,

"તારા પિતાજીના અંતકાળે મુખમાં મૂકવાની બે આની પણ નહોતી, પણ તારી બાએ કોઈનેય જણાવા દીધું નથી."

આવી ગરીબ સ્થિતિ હોવા છતાં તેમની માતા મોતીબહેન કદી કોઈનીય પાસે પોતાની ગરીબાઈને પ્રગટ કરતા ન હતા. તેઓને પિયર તેડી જવા માટે તેમના ભાઈ આવ્યા, પણ તેઓ પિયરમાં જઈને રહેવાને બદલે ટોળમાં રહ્યા. 'સાસરાની ઝૂંપડી સારી પણ મહિયરનો મહેલ નહીં સારો' એવું તેઓ માનતા હતા અને તેથી જ સાસરે રહ્યાં.

મોતીબહેન ખૂબ લોકપ્રિય હતા. ગામના લોકો તેમની સલાહ લેવા આવતા હતા. ટોળ ગામમાં નમાજ પઢાવવાનું તથા ધાર્મિક શિક્ષણ આપવાનું કામ ઈમામ અલીશાહ કરતા હતા. તેઓ પવિત્ર હૃદયના અને જ્યોતિષવિદ્યાના જાણકાર હતા. મસ્જિદની પાસે મંદિર હતું. એ મંદિરના પૂજારી કરસનજીભાઈ પણ ખૂબ આસ્તિક હતા. આ બંને પણ મોતીબહેન માટે ખૂબ આદર ધરાવતા હતા. આ રીતે સર્વધર્મભાવનાના સંસ્કાર બાળપણથી જ નાનકડા શિવલાલ પર પડ્યા હતા. ખૂબ નાનીવયમાં શિવલાલે પિતાનું શિરછત્ર ગુમાવ્યું, પણ માતા મોતીબાએ પરિવારના નિર્વાહ માટેની બધી ફરજ ઉપાડી લીધી.

**શિક્ષણ** : ટોળ ગામમાં ભણતર માટેની સગવડ ન હોવાથી, ટોળથી બે માઈલ દૂર આવેલ અરણી ટીંબા ગામે, શિવલાલને તેઓ છ વર્ષની વયના હતા ત્યારે શાળામાં મોકલ્યા. રોજ શાળાએ જવા- આવવાનું શિવલાલને ગમતું હતું. ગામના બધા બાળકો એકસાથે આનંદ-કિલ્લોલ કરે. શિવલાલ બધા સાથે હળીમળી ગયો હતો. ફક્ત બે ગુજરાતીનો અભ્યાસ આ અરણી ટીંબાની શાળામાં પૂરો કરી, વધુ અભ્યાસ માટે મોસાળમાં, બાલંભા ગયા કારણ કે તેમના મામા



મણિભાઈ, બાલંભાની શાળામાં શિક્ષક તરીકે નોકરી મેળવી શક્યા હતા. મામાએ મોતીબહેનને સમજાવી, શિવલાલને ભણાવવા બાલંભા લઈ ગયા.

બાલંભાની શાળામાં પણ તે બધાનો લાડીલો વિદ્યાર્થી બની ગયા. આ શાળામાં તેણે સાત ગુજરાતીનો અભ્યાસ પૂરો કર્યો અને થોડુંક અંગ્રેજી શીખવા મળ્યું.

શિવલાલને બાળપણથી જ માતા પાસેથી વિનય, નમ્રતા, સાદાઈ વગેરે ગુણો મળ્યા હતા પરંતુ તેમનું ઘડતર મોસાળમાં થયું. સેવાપરાયણ માતામહ (નાના) પ્રાણજીભાઈ વોરા અને માતામહીએ (નાની = માતાની માતા) શિવલાલનું સંસ્કાર ઘડતર કર્યું. સર્વધર્મ સમભાવના સંસ્કારને મોસાળમાં વધારે પોષણ મળ્યું . શિવલાલ રજાના દિવસોમાં માતા મોતીબા પાસે જતો. રજાઓમાં માતા શિવલાલને ખૂબ સ્નેહથી, દરેક પ્રકારના લાડ લડાવી સાચવે. ઘરની નબળી આર્થિક સ્થિતિનો એને ખ્યાલ પણ ન આવવા દે. પરંતુ સમજણો થતો શિવલાલ એ જાણી શક્યો કે ખૂબ મુશ્કેલીઓ વેઠી માતા ઘરનો ભાર વહે છે ! દળણાં દળી, સિલાઈકામ કરી, ગોદડાં સીવી જાતમહેનતથી ઘર ચલાવી રહ્યા છે, પણ હવે વધુ સમય બાને તકલીફ ઉઠાવવા દેવી નથી. 'મારે મારી બાને આરામ અને સુખ આપવા કમાવું જોઈએ. કર્તવ્યધૂરાનો ભાર મારે વહેવાનો જ છે તો બને તેટલો વહેલો જ વહેવો એ યોગ્ય છે.'

ગામના લોકો પણ શિવલાલને કહેતા, 'તું તારી માનું એકનું એક રતન છો. દળણાં દળી, પેટે પાટા બાંધી તને ઉછેર્યો છે, એ આશાએ કે ઘરનો ભાર તું ઉપાડી લઈશ.'

આ સમય દરમિયાન તેના મામા બાલંભા છોડીને મુંબઈ કમાવા ગયા હતા. તેથી શિવલાલે પણ હવે મુંબઈ જઈ કામધંધે લાગી જવાનો વિચાર કર્યો. તેણે મામાને પત્ર લખ્યો. મામાએ હકારમાં જવાબ આપ્યો તેથી તેને આનંદ થયો. શિવલાલને કાકા-દાદા (નાના) તથા માતાની રજા ન મળી, કેમકે તેર વર્ષની નાની ઉંમરે મુંબઈ જેવા અજાણ્યા શહેરમાં મોકલવા માટે કોઈનું મન માનતું ન હતું. પરંતુ બધાંને સમજાવી, મામાના માર્ગદર્શન નીચે કમાવા જવા માટે એ તૈયાર થયો અને મુંબઈ કમાવા રવાના થયો.

સત્યે લક્ષ્ય, વિવેકપૂર્ણ સમતા, સંતોષ સેવા રુચિ,
શ્રદ્ધા મેરુ અડોલ, શીલ સરિતા વહેજો સદા શુચિ;
માનું તુચ્છ પ્રભો ! તમામવૈભવો ને આ વિલાસો હું,
યાચું કેવળ સિંધુ આપજ કને, દ્યો બિન્દુ સત્યપ્રેમનું.



## ૨ મુંબઈનું જીવન

માતાને મદદરૂપ થવાની ઈચ્છાથી ફક્ત ૧૩ વર્ષની વયના શિવલાલ મુંબઈ કમાવા માટે, મામા પાસે ગયા. આરંભમાં એક દૂરના સગાને ત્યાં કામ શીખવા માટે રહ્યા. પગાર ખાસ હતો નહીં પણ મુંબઈમાં સ્થિર થવા માટે કોઈપણની સહાય જરૂરની હતી. શિવલાલને સગાની દુકાને લોટ જોખવાનું કામ કરવું પડતું હતું. દુકાનદારનો સ્વભાવ પણ બરાબર ન હતો, સતત કચકચ કર્યા કરે અને ખૂબ મહેનત કરાવે. રહેવા માટે પણ અગવડવાળી જગ્યા હતી અને નાહવાની કશી વ્યવસ્થા ન હતી. તેથી તેને ચામડીનો રોગ (ખસ) થયો. આ રીતે તબિયત પર અસર થવાથી રડતાં રડતાં શિવલાલે મામાને બધી હકીકત કહી. મામાથી ભાણેજનું દુઃખ જોઈ ન શકાયું અને એ નોકરીમાંથી રાજીનામું આપી છૂટા થવાનું કહ્યું. તેઓ આ પ્રથમ નોકરીમાંથી મુક્ત થયા. બીજી નોકરી કપડાંની દુકાનમાં કરી. આ કાપડની હાટડી પર તેમને ઘણું શીખવા મળ્યું પરંતુ આ દુકાનમાં આર્થિક ખોટ આવવાથી દુકાન બંધ કરવી પડી અને શિવલાલને અન્ય સ્થળે નોકરીમાં રહેવાની સ્થિતિ સર્જાઈ.

શિવલાલ ઈમારતી લાકડાનો વેપાર કરતા પારસી વેપારી શેઠ રૂસ્મતજીને ત્યાં ૩૫ રૂા. ના માસિક પગારથી નોકરીમાં જોડાયા. લાતીવાળા શેઠ સજ્જન હતા. ભલા માણસ હતા. ચતુરાઈ અને મહેનતથી શિવલાલે પારસી રૂસ્તમજીનું દિલ જીતી લીધું. ક્રમશઃ એમનો પગાર માસિક રૂા. ૧૨૫ (સવા સો) કરી આપ્યો. શિવલાલની આવડતનું આ પરિણામ હતું. બીજા વેપારીઓ પણ શિવલાલને પોતાને ત્યાં વધારે પગાર આપીને નોકરી કરવા માટે બોલાવતા. શિવલાલ જવાબમાં કહેતા, ''ન્યાયસંપન્ન, પ્રામાણિક વ્યવહાર હોય તો જ હું કામ કરું, પગાર મહત્ત્વની વાત નથી.''

લાતીબજારમાં ગુલામહુસેન નામનો એક મુસ્લિમ વેપારી હતો. બજારમાં પ્રામાણિક વેપારી તરીકે એનું સારું સ્થાન હતું. તેનો પુત્ર શિવલાલનો મિત્ર હતો. આ વેપારીનું અકાળ અવસાન થયું અને મિત્રે, શિવલાલને મદદ કરવા વિનંતી કરી. શિવલાલે શરત મૂકી કે કોઈપણ પ્રકારની અનૈતિક પ્રવૃત્તિમાં તેઓ ભાગ લેશે નહીં. મિત્રે એ શરત સ્વીકારી અને માસિક રૂપિયા ૧૬૦/- ના પગારથી નોકરીમાં જોડાયા. શિવલાલની નાણાંકીય મુશ્કેલીનો અંત આવ્યો. લાતીબજારમાં, શિવલાલનું કામ ખૂબ વખાણાવા લાગ્યું અને તેમના મહેનતુ તથા મિલનસાર, પ્રામાણિક સ્વભાવથી સહુના પ્રિય બની ગયા. મિત્રમંડળ પણ વધતું ગયું.

શિવલાલને મુંબઈનું દેશભક્તિના આંદોલનનું વાતાવરણ સ્પર્શવા લાગ્યું. લોકમાન્ય તિલક, મહાત્મા ગાંધીજી આદિ નેતાઓના ક્રાંતિકારક વિચારોનો પ્રભાવ તેમણે ઝીલ્યો અને રાષ્ટ્રીય વાતાવરણમાં તેઓ જાણે કે રંગાઈ ગયા. એમણે ખાદી પહેરવાની શરૂઆત કરી. ઉપરાંત, દેશ માટે કંઈક કરી છૂટવાનું મનોમંથન તીવ્ર બન્યું. તેઓ વિચારવા લાગ્યા કે જીવનનો ધર્મ શો ? ધર્મ એ જીવનનું સમર્પણ



માગે છે. ધર્મ દાન નહીં પણ ત્યાગ માગે છે. તેમના જીવનમાં નૈતિકતા અને પ્રામાણિકતાની સાથે સાથે સાદાઈ અને ત્યાગ તથા સંયમ અને સેવાની ભાવના પણ વિકસતી ગઈ.

તેમનો વધુ સમય વાંચન અને સંતોના આધ્યાત્મિક પ્રવચનો સાંભળવામાં પસાર થવા લાગ્યો. નોકરી હવે નીરસ લાગે છે. મુસ્લિમ શેઠ શિવલાલનો પગાર વધારી આપવા અને છઆની ભાગ કરી આપવા તૈયાર થયા, પરંતુ હવે તેમને આર્થિક પ્રાપ્તિમાં રસ ન હતો. તેમનામાં વૈરાગ્યવૃત્તિ વધવા લાગી હતી. કેટલાંક જૈનસંતોના પરિચયમાં આવવાની તેમને તક મળી અને રાજસ્થાનથી પધારેલ મુનિશ્રી સૌભાગ્યમલજી મહારાજથી પ્રભાવિત થઈને તેમને ગુરુ તરીકે સ્વીકારવાનો તથા શિષ્ય તરીકે તેમની પાસે દીક્ષા લેવાનો વિચાર કર્યો. સમગ્ર જીવન વીતરાગના પંથે સમર્પિત કરવાની ભાવના તેમનામાં પ્રગટી, પરંતુ તેમના પર વિશેષ પ્રભાવ ગુરુ નાનચંદ્રજીનો પડ્યો.

શિવલાલના માતા મોતીબાએ ટોળ ગામના ઈમામ સાહેબની આગાહીથી ગભરાઈ જઈ શિવલાલની સગાઈ, તેને પૂછ્યા વિના વાંકાનેર કરી હતી. શિવલાલ પણ મોતીબાને ખુશ રાખવા આ વાતની કંઈ વિશેષ ચર્ચા ન કરતાં, લગ્ન મોડા થાય તે માટેની પ્રવૃત્તિ કરતા. બહેન મણિબહેનને પરણાવી શિવલાલે કૌટુંબિક ફરજ પૂરી કરી.

માતા મોતીબાની નાદુરસ્ત તબિયતની પણ પૂરી કાળજી લીધી. મુંબઈ મોતીબાનું પેટનું ઑપરેશન કરાવ્યું, તબિયત સુધરી પણ ખરી અને મોતીબા વતનમાં જઈને રહ્યા પણ તબિયત સંપૂર્ણ સારી ન થઈ અને તેઓનો સ્વર્ગવાસ થયો. શિવલાલનો વૈરાગ્યમાર્ગ વધુ સરળ બન્યો અને એની વધતી જતી વૈરાગ્યવૃત્તિથી

ઘરના બધાને ડર લાગ્યો કે 'રખે આ સાધુ તો નહીં થઈ જાય !' સગાવહાલાંની આ ચિંતા સાચી પડે તેવી પરિસ્થિતિ સર્જાઈ.

શિવલાલે ઈ.સ. ૧૯૨૬ ના પૂજ્ય નાનચંદ્રજી મહારાજના ઘાટકોપરના ચાતુર્માસના પ્રવચનો મન ભરીને માણ્યા. પૂજ્ય નાનચંદ્રજી મહારાજ સાહેબની વાણીમાં ગજબ શક્તિ હતી. કવિ, લેખક, ઉત્તમ વક્તા, પ્રેમાળ મુનિ અને વિશેષ તો ક્રાંતિકારક વિચારક એ મહાન મુનિની વાણી શિવલાલને વધુ પસંદ પડી. ભગવાન મહાવીરની વાણી તથા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના વિચારોનો સુંદર સમન્વય કરીને મુનિશ્રી પ્રવચનો આપતાં અને સાંભળનારને ડોલાવી દેતા.

શ્રેયપંથે આગળ વધવા માટે ઈ.સ. ૧૯૨૭ માં અમદાવાદ બિરાજતાં પૂ. નાનચંદ્રજી મહારાજને એક પત્ર લખીને તેમના શિષ્ય તરીકે આધ્યાત્મિક માર્ગદર્શન આપવા વિનંતી કરી. મહારાજે શિવલાલને જવાબમાં લખ્યું કે તેઓ આવીને મળી જાય.

**માંગલિક**

અર્હત છો મંગલ રૂપ આપ, સિદ્ધો તથા સાધક સાધુધર્મ,
સત્શાસ્ત્ર સૌ મંગલ મંગલોમાં, સત્યે ભર્યું જીવન માંગલિક.



# ૩ શિવલાલ સૌભાગ્યચંદ્ર થયા

પૂ. નાનચંદ્રજી મહારાજ સાહેબને રૂબરૂ મળવા શિવલાલ અમદાવાદ ગયા. તેમણે ગુરુદેવને વિનંતી કરી, ''આત્મશ્રેય માટે મને વીતરાગનો ત્યાગમાર્ગ જ યોગ્ય લાગ્યો છે. તેથી આપશ્રી મારા જીવનના સુકાની બનો.'' શિવલાલની આવી વિનંતીથી પૂ. નાનચંદ્રજી મ. સાહેબને ખૂબ આનંદ થયો, પરંતુ તેઓ જલ્દી દીક્ષા આપવાની ઈચ્છા રાખતા ન હતા. ગુરુદેવે એમના જીવનની બધી હકીકતો જાણી લીધી. કુટુંબની જવાબદારી - ફરજ, નોકરીનું કર્તવ્ય વગેરેની સંપૂર્ણ માહિતી મેળવી લીધી. શિવલાલની નિખાલસતા, સત્ય માટેની રુચિ અને સંસારત્યાગની ઉત્કટ ઈચ્છાનો પૂજ્યશ્રી પર ખૂબ સચોટ પ્રભાવ પડ્યો પરંતુ તેઓએ આદેશ આપ્યો,

''તમે જે કામ કરો છો તેમાંથી મુક્તિ મેળવી લો. તમારી નિવૃત્તિને લીધે જે જવાબદારી બીજા પર આવતી હોય તે વિશે પણ બરાબર સમજી લો. લીંબડી અમારું ચાતુર્માસ છે, તો લીંબડી આવો અને અભ્યાસ કરો. ઉપરાંત, સાધુજીવનના પરિષહો, આચારપાલન વગેરે જોઈ - જાણી શાંતિથી વિચાર કરી, નિર્ણય કરજો.''

સમયની ગતિ ઝડપથી પસાર થાય છે. શિવલાલ તો સંસારત્યાગ માટે મક્કમ છે. તેથી ગુરુદેવના આદેશ અનુસાર તે લીંબડી ગુરુદેવના સાન્નિધ્યમાં જઈને રહે છે. અન્ય દીક્ષાર્થીઓ સાથે ગુરુદેવે શિવલાલને પણ દીક્ષિત સાધુજીવનને અનુકૂળ એવું સર્વાંગીણ શિક્ષણ આપ્યું. શિવલાલને પણ આ તાલીમ ખૂબ ગમી ગઈ. જૈનસંતે કેવી કેવી તૈયારીઓ સંસારત્યાગ પૂર્વ કરવાની હોય છે તેનો સરસ અભ્યાસ પૂ. ગુરુદેવે કરાવ્યો અને હજી અંતિમ કામ કરવાનું બાકી રહેતું હતું તે પૂરું કરવાનું કહ્યું. એ કામ તે સ્વજનોની, વડીલોની સંસાર છોડવાની રજાની મંજૂરી મેળવવાનું. જૈનધર્મની માન્યતા અનુસાર, સંસાર છોડીને દીક્ષા લેનારના સ્વજનો-માતા-પિતા-મિત્રોમાંથી જેમની આજ્ઞા લેવાની હોય તે આજ્ઞા આપે તો જ દીક્ષા લઈ શકાય.

શિવલાલે આ આદેશનું પાલન કરવા માટે સંમતિ આપી અને એક પછી એક સાંસારિક ફરજમાંથી મુક્ત થવાની પ્રવૃત્તિ આરંભી દીધી. પરિવારની પરવાનગી લેવાનું કામ શરૂ કર્યું. શિવલાલ સૌથી પ્રથમ મોસાળ ગયા અને તેઓના ગયા પહેલાં જ, નાનીમા ઊજમમા તથા માસીને શિવલાલની દીક્ષા લેવાના નિર્ણયની જાણ થઈ ચૂકી હતી. ઊજમમાને શિવલાલ માટે ખૂબ મમત્વ હતું. તેમનો 'શિવો' દીક્ષા ન લે અને સર્વ સગાંવહાલાંનો ત્યાગ ન કરે તે માટે સૌ લાગતા વળગતાંને સમજાવવાનું તેઓ કહેતા હતા. તેમણે પોતાની બહેનના દીકરા અમૃતલાલને, શિવલાલને દીક્ષા ન લેવા સમજાવવા માટે જામનગરથી તેડાવી લીધા. પરંતુ અમૃતલાલે તો ઊજમમાને સમજાવ્યા કે શિવલાલનો સંયમ લેવાનો નિર્ણય અભિનંદનીય છે. તેના આ પગલાંથી આખા કુટુંબની કીર્તિ વધશે, શિવલાલનું કલ્યાણ થશે.



ઊજમમા ધર્મપ્રેમી હતા. તેમને અમૃતલાલની વાત સાચી લાગી અને શિવલાલના સત્કાર્યમાં આડે ન આવવાનું તથા આનંદથી દીક્ષા લેવાની રજા આપવાનું નક્કી કર્યું. સૌએ શિવલાલના સત્કાર્યને અનુમોદન આપી રજા આપી. શિવલાલના કાકા-દાદાની પાસેથી રજા મેળવવામાં ખાસ મુશ્કેલી ન પડી, પરંતુ રજા આપવામાં ખાસ ઉત્સાહ ન બતાવ્યો.

મોતીબાએ જે બાળા સાથે શિવલાલનું વેવિશાળ કર્યું હતું તે બાળાની રજા લેવા શિવલાલ વાંકાનેર ગયા. આ કામ વિકટ હતું, પરંતુ સદ્‌ગુરુના સ્મરણ સાથે શિવલાલ એ કામ પૂરું કરવા બાળાને ઘેર ગયા. સૌએ તેમનું સ્વાગત કર્યું અને શિવલાલે કહ્યું, ''મારી ભાવના વીતરાગ માર્ગમાં પ્રવેશ કરવાની છે. એટલે આપ સૌની રજા લેવા આવેલ છું.''

સાંભળનારમાંથી કોઈએ જવાબ ન આપ્યો. બધાં હજી વિચાર કરતા હતા ત્યાં જ શિવલાલે જેની સાથે સગાઈ થઈ હતી તે દિવાળીબહેનને સંબોધીને કહ્યું,

''.... મારી ઈચ્છા વીતરાગના માર્ગમાં પ્રવેશવાની છે. ભાગવતી દીક્ષા લેવાના ભાવ છે. જો આ માર્ગે તમારે આવવું હોય તો સંતો તમને મદદ કરશે. જો સંસારના માર્ગે જવું હોય તો ભાઈ તરીકે મારા આશીર્વાદ અને શુભેચ્છા છે.'' આટલું કહીને શિવલાલે દિવાળીબહેનને વીરપસલીની સાડી ભેટ આપી અને બહેને પણ ગોળની ગાંગડી ખવડાવી શુભમાર્ગે આગળ વધવાની શુભેચ્છાઓ વ્યક્ત કરી. વાંકાનેર મહાજનની પણ રજા મેળવી લીધી.

આ કામ પૂરું કરી શિવલાલ પોતાના લાડીલા બહેન મણિબહેનની રજા લેવા ગયા. મણિબહેને ભારે હૈયે દુઃખ સાથે વિદાય આપતાં કહ્યું,

‘‘મોટાભાઈ ! તમારી કાયાનું કલ્યાણ થતું હોય એમાં બહેન તો રાજી જ છે. તમારા આત્માને ઉજ્જવળ કરજો.’’ આ રીતે બધાં સ્વજનોની રજા લઈ શિવલાલ તો સદ્‌ગુરુ નાનચંદ્રજી મહારાજ પાસે ગયા. બધી હકીકત જાણીને તેઓ ખૂબ પ્રસન્ન થયા. દીક્ષાનું મુહૂર્ત જોવડાવી શિવલાલને શિષ્ય તરીકે સ્વીકારવા તૈયાર થયા.

પરંતુ હજી એક મહાત્માની રજા લેવાની બાકી હતી. શિવલાલે મુનિશ્રી સૌભાગ્યમલજી મહારાજ પાસે સૌથી પ્રથમ દીક્ષા લેવાની વાત કરી હતી. તેથી હવે શિવલાલે તેમની સંમતિ અને રજા તથા આશીર્વાદ મેળવવા જોઈએ. તેઓની રજા મળે તે પછી જ નાનચંદ્રજી મહારાજશ્રી એમને દીક્ષા આપી શકે. પૂ. સૌભાગ્યમલજી મહારાજે મહાનતા દર્શાવી, ઉદારભાવે સંમતિ અને આશીર્વાદ આપ્યા. શિવલાલની દીક્ષાની તિથિ નક્કી થઈ.સંવત ૧૯૮૫ પોષ સુદ ૮ શુક્રવાર, તા. ૧૮-૧-૧૯૨૯. દીક્ષાના સ્થળ તરીકે વાંકાનેર વગેરે સ્થળોથી નિમંત્રણો આવ્યા હતા.

દરમિયાન એક ઘટના બની. મોરબીમાં શ્રી લખધીરસિંહજી રાજ્ય કરતા હતા. તેમણે પૂ. નાનચંદ્રજી મહારાજશ્રીની આધ્યાત્મિક પ્રવચન પ્રવૃત્તિના સમાચાર જાણી પૂ.શ્રીને મોરબી પધારવાનું અને પ્રવચનો આપવા માટેનું નિમંત્રણ સંઘ મારફત મોકલ્યું. પૂ. નાનચંદ્રજી મહારાજ, શિષ્ય પરિવાર સાથે મોરબી પધાર્યા. પૂ. નાનચંદ્રજીના પ્રવચનોથી - આધ્યાત્મિક જ્ઞાનથી લોકો ખૂબ પ્રભાવિત થયા. તેમના પ્રવચનમાં સંપ્રદાયવાદ જેવું કશું ન હતું. તેમના પ્રવચનો સાંભળવા અનેક ધર્મના, પંથના અને જ્ઞાતિના લોકો આવતા. એમનું પ્રવચન પૂરું થયા પછી શિવલાલને ટૂંકું પ્રવચન આપવાનું હતું. એક વખત એમનું પ્રવચન સાંભળીને મોરબીના રાજવીએ



પૂછ્યું, ‘‘આ યુવાન કોણ છે ?’’ તેમણે બધી વિગત જાણી અને શિવલાલ મોરબી રાજ્યના પ્રજાજન છે તેથી તેમની દીક્ષા મોરબીમાં થાય એવી ઇચ્છા વ્યક્ત કરી.

મહાજને, ‘મોરબી રાજ્યમાં જૈન દીક્ષા યોજવા પર પ્રતિબંધ છે’ તે હકીકત તરફ રાજવીનું ધ્યાન દોર્યું. શ્રી લખધીરસિંહજીએ તરત એ હુકમ દૂર કરી અને દીક્ષાવિધિ માટે રાજ્ય તરફથી બધા પ્રકારની મદદ માટેની સૂચના આપી. મહાજન અને ગુરુદેવને અપાર આનંદ થયો અને નક્કી થયેલી તિથિએ દીક્ષાવિધિ થયો. ભવ્ય રીતે ઉજવાયો.

ગુરુદેવે શિવલાલને સૌભાગ્યચંદ્ર નામ આપ્યું, જૈનધર્મની માન્યતા અનુસાર, સંસારત્યાગની સાથે દીક્ષા લેનાર વ્યક્તિના સંસારી નામનો ત્યાગ થાય તે પણ ઉપકારક બની રહે છે. સૌભાગ્યનો અર્થ થાય છે ‘ઉજ્જવળ ભવિષ્ય’. આ સિવાય ઘણીવાર પૂ. ગુરુદેવ તેમને ‘શુભચંદ્ર’ નામે પણ સંબોધતા હતા. પાછળથી શિવલાલે આ નામ પણ બદલી નાખ્યું અને ‘સંતબાલ’ નામ રાખ્યું. ‘સંતબાલ’ નો અર્થ થાય છે ‘સંતોના બાળક’. આ નામ જ વિશેષ જાણીતું થયું છે અને હવે પછીના આલેખનમાં આ નામથી જ વર્ણન કરવામાં આવશે. પૂજ્ય ગુરુદેવ નાનચંદ્રજીનું ઉપનામ હતું ‘સંતશિષ્ય’ - ‘સંતસેવક’. આ સંતશિષ્યના બાળક બની રહેવાની નમ્રતા ‘સંતબાલ’ ઉપનામમાં જોઈ શકાય.

# ૪

# સંયમી જીવન-સાધના અને સાહિત્યસર્જન

**કેળવણી :-**

પૂ. સંતબાલજીએ દીક્ષા અંગીકાર કર્યા પૂર્વે જ સાધુજીવનને - સંયમીજીવનને ઉપકારક બની રહે તેવું શિક્ષણ લેવાનું શરૂ કરી દીધું હતું અને સંયમ લીધા પછી, ગુરુદેવની આજ્ઞા મુજબ શિક્ષણ મુખ્ય ધ્યેય બની ગયું. જ્ઞાનની એ તાલીમ ગુરુકૃપાથી વધુ ને વધુ વિકસતી ગઈ અને જૈન આગમો તથા વિવિધ શાસ્ત્રોના અભ્યાસ ઉપરાંત, હિંદુધર્મગ્રંથો અને અન્ય ધર્મગ્રંથોના અભ્યાસથી તેઓની સર્વધર્મ સમભાવની ભાવના વધુ સ્પષ્ટ અને મંગલમય બની રહી. તેમના ગુરુએ તેમને અભ્યાસ માટેની બધી જ સગવડ કરી આપી હતી. તેઓ સંતબાલજીને પ્રિય એવી પ્રવૃત્તિ માટે પ્રેરણા આપતા હતા. સંતબાલજી અભ્યાસની ધૂનમાં ને ધૂનમાં ખાવા-પીવાનું પણ ભૂલી જતા ત્યારે ગુરુદેવ તેમને પાણી પાતા.

ઉપરાંત, સંતબાલજી પોતાના અભિપ્રાયો મુક્તપણે અને સ્પષ્ટ રીતે દર્શાવી શકે તે માટે ઉત્તેજન આપતા. આ રીતે તેમનું ઉત્તમ ઘડતર થતું હતું. નાનપણથી જ



સંતબાલજીની યાદશક્તિ ખૂબ તીવ્ર હતી, તેથી તેમણે અવધાનના પ્રયોગો શરૂ કર્યા. સંયમીજીવનની તાલીમ, અભ્યાસ-વાંચન અને સાહિત્યસર્જન પણ ક્રમશઃ થવા લાગ્યું.

**અવધાનના પ્રયોગો :-** શતાવધાની સૌભાગ્યચંદ્ર એક સાથે એક કરતાં વધુ વસ્તુને સ્મૃતિમાં ધારણ કરી શકતા - યાદ રાખી શકતા હતા. પ્રારંભમાં આઠ અવધાન પછી પચ્ચીસ-પાંત્રીસ એમ સંખ્યા વધારતા ગયા અને અવધાનના જાહેરપ્રયોગો પણ કરવા લાગ્યા. લોકો એમની અદ્‌ભુત શક્તિથી પ્રભાવિત થઈ, મુક્તકંઠે પ્રશંસા કરતા હતા, પરંતુ ગુરુદેવને ડર હતો કે જો અવધાન દર્શાવવાની વૃત્તિ વધશે તો એમાંથી અહંકારનું ભૂત વળગશે. 'અહં' જાગશે તો આત્મજ્ઞાન નહીં આવે. ઈ.સ. ૧૯૩૩માં અજમેર મુકામે સ્થાનકવાસી જૈન સાધુઓનું સંમેલન ભરાયું હતું. તે વખતે આર્યસમાજી વિદ્વાનોએ મહારાજશ્રીને યુવાનસંતના અવધાનના પ્રયોગો ગોઠવી આપવા વિનંતી કરી. સ્વામી દયાનંદ સરસ્વતી હોલમાં કાર્યક્રમ યોજાયો. વિદ્વાનોએ સંતબાલજીને 'ભારતરત્ન' ની પદવી જાહેર કરી.

તે પછી અમદાવાદમાં જાહેરમાં પ્રયોગો કર્યા અને અન્ય સ્થળે પ્રયોગો ચાલુ રહ્યા. એક દિવસે પૂ. સૌભાગ્યચંદ્રને થયું કે આ પ્રયોગોથી લોકોમાં વહેમ, પામરતા અને ચમત્કાર જેવાં અંશો વિકસે છે, કોઈને કશો લાભ થતો નથી. લોકોને આવું જ્ઞાન આપવાથી શો લાભ ? તેઓએ તરત નિર્ણય કર્યો 'અવધાનના પ્રયોગો બંધ.'

**ભિક્ષાચારી અને પાદવિહાર :-** દીક્ષાના દિવસથી પ્રારંભીને શરીરે સાથ આપ્યો ત્યાં સુધી આ બે પ્રવૃત્તિ તેમણે પૂરા ઉમંગ સાથે કરી હતી અને આ બે પ્રવૃત્તિઓથી એમને અપાર લાભ થયો હતો. ઉપરાંત, જૈનસાધુના નિયમ મુજબ ચાતુર્માસના ચાર મહિના સ્થિરવાસ પણ કરતા હતા. નાનું ગામડું હોય કે મોટું શહેર હોય એ

બધાં ક્ષેત્રો એમને ગમતા. સાધુજીવનના આચાર મુજબની બધી ક્રિયાઓ સતત ભાવપૂર્વક કરતા. દીક્ષા લીધા પછી પૂ. ગુરુદેવ માટેના આદરભાવમાં વૃદ્ધિ થતી રહી. સદ્‌ગુરુની પ્રીતિ અને વાત્સલ્ય અનેરા હતા. માનવમાત્ર પ્રત્યે તેમનું માયાળુ હૃદય સહાનુભૂતિથી છલકતું હતું. તેઓ કહેતા, ''એણે મારી સેવા કરી છે કે કેમ એ પ્રશ્ન છે, પણ મેં તો એની સેવા કરી જ છે.... વાંચવું, વિચારવું ને લખવું એ જ ધૂન.'' આવી ઉત્તમકૃપા સંતબાલજીને પ્રાપ્ત થઈ હતી.

**પૂ. ગુરુદેવ પ્રભુતુલ્ય** :- સંતબાલજીને પણ આવા પ્રેમાળ ગુરુદેવ પ્રત્યે અપાર પૂજ્યભાવ હતો. એમના સદ્‌ગુણના સંકીર્તન અને ધ્યાનમાં તેઓ લીન રહેતા હતા. એમાંથી જ બાર વર્ષે વિશ્વવાત્સલ્યના ધ્યેયરૂપ અંકુટ ફૂટ્યો. તેઓ કહે છે, ''પોતે આજે જે કંઈ છે તે ગુરુકૃપા અને નિસર્ગમૈયાની પ્રસાદી છે.'' 'ૐ મૈયા' એમનો જીવનમંત્ર બની રહે છે. સંતબાલજીને ગુરુદેવનો પ્રેમ હંમેશાં મળતો રહ્યો છે. તેથી જ તેઓ લલકારી શક્યા. ''સકળ જગતની બની જનેતા વત્સલતા સહુમાં રેડું.''

એક વર્ષ માટે સંપૂર્ણ મૌન - સંયમ દીક્ષા પછીના છ વર્ષ પૂ. ગુરુદેવ સાથે જુદે જુદે સ્થળે વિહાર અને ચાતુર્માસ કર્યા પછી તેમજ અનેક પ્રકારની કેળવણી મેળવ્યા બાદ, સંતબાલજીની તીવ્ર ઈચ્છા એક વર્ષ માટે સંપૂર્ણ મૌનસાધના કરવાની થઈ, ગુરુદેવની આજ્ઞા માંગી, ગુરુદેવે કહ્યું કે જરૂર, સાથે રહીને પણ મૌન પાળી શકાશે.

પરંતુ એનો સ્વીકાર કરવાને બદલે રણાપુર ગામની નજીક નર્મદા નદીના કાંઠા ઉપર, માધવદાસજીના આશ્રમને પોતાની મૌનસાધના માટે પસંદ કર્યું. સંપૂર્ણ મૌનસાધના દરમિયાન તેઓએ એકાકી રહેવાનું પસંદ કર્યું અને દુન્યવી સંબંધો પણ તોડી નાખ્યા હતા.



તેઓ લખે છે, ''આ મૌનના દિવસોમાં હું જાતજાતના અનુભવોમાંથી પસાર થતો હતો, પરંતુ આ બધામાં સૌથી મહત્ત્વની બાબત એ હતી કે હું કુદરત ઉપર સંપૂર્ણ વિશ્વાસ ધરાવતો થયો. આ સાધનાકાળ ઈ.સ. ૧૯૩૬ નો પૂરા એક વર્ષનો હતો. આ સમય દરમિયાન દુનિયાના બધા ધર્મોનો અભ્યાસ કર્યો. કાવ્યો, લેખ વગેરે લેખનપ્રવૃત્તિ જોરદાર બની ગઈ.''

વિશેષમાં, ધાર્મિક અને આધ્યાત્મિક સાધના ઉપરાંત સંતે સામાજિક બાબતો અંગે શું કરવું, લોકકલ્યાણ માટેની પ્રવૃત્તિઓમાં કેવી રીતે સક્રિય થવું વગેરે બાબતોના સંપૂર્ણ ક્રાંતિકારક વિચારો ઉદ્‌ભવ્યા. સંપૂર્ણ ક્રાંતિ માટે જાણે કે તેમણે તૈયારી કરી લીધી.

**જાહેર નિવેદન** :- ઈ.સ. ૧૯૩૭ માં તેમણે મૌન તોડ્યા પછી એક નિવેદન બહાર પાડ્યું. આ નિવેદનથી રૂઢિચુસ્ત જૈનસમાજમાં ખળભળાટ મચી ગયો. તેઓએ દર્શાવ્યું કે જૈનસંત તરીકે દીક્ષા લીધા પછી તેઓ એક વિશાળ વિશ્વયોજનાનો એક ભાગ છે. જૈન સાધુએ સમાજની સુધારણા માટે કામ ન કરવું જોઈએ એવી કોઈ મનાઈ ફરમાવવામાં આવી નથી. આ નિવેદનથી તેમને જૈનસમાજમાંથી બરતરફ કરવામાં આવ્યા. તેમને કોઈપણ ઉપાશ્રયમાં રહેવા માટે પરવાનગી ન આપવી, કોઈએ ભિક્ષા પણ આપવી નહીં, તેવા ફરમાનો થયા. પરંતુ સંતબાલજી હિંમત હાર્યા નહીં. તેમના ગુરુદેવ પર દબાણ લાવવામાં આવ્યું કે તેમણે સંતબાલજીનો ત્યાગ કરવો. નાછૂટકે ગુરુદેવને એ પગલું ભરવું પડ્યું. જાહેર નિવેદન અને જાહેર લોકસેવાના કાર્યોને લીધે તેઓ સંપ્રદાયથી જુદા થયા ખરા, પરંતુ સાધુવેશ ન છોડ્યો અને પોતાના ગુરુદેવ સાથે અંતિમ સમય સુધી વિનયભાવે સંબંધ સાચવ્યો. ગુરુદેવ કહેતા, ''સંતબાલ જૈન સાધુ નહીં, જગત સાધુ છે.'' જૈન પરંપરાને આધુનિક યુગના વિચારના અનુસંધાન દ્વારા આગળ ધપાવવી એ એમનું

જીવનકાર્ય બની રહ્યું.

**સાહિત્યસર્જન** :- પૂ. સંતબાલજીએ પોતાના સમગ્ર જીવનકાળ દરમિયાન વૈવિધ્યસભર સાહિત્યનું સર્જન કર્યું છે. ગદ્ય અને પદ્ય એમ બંનેમાં એમની સર્જનપ્રવૃત્તિ મળી આવે છે. મુખ્યત્વે ચિંતનાત્મક ધાર્મિક સાહિત્ય પણ સર્જ્યું છે.

જૈન સૂત્રો ઉત્તરાધ્યયન, આચારાંગ, ભગવતી સૂત્ર, દશવૈકાલિક તથા તત્ત્વાર્થસૂત્રને સરળ ભાવવાહી ગુજરાતી ભાષામાં ઉતારી, ગુજરાતી પ્રજા પર મહાન ઉપકાર કર્યો છે. સર્વધર્મ પ્રાર્થના પીયૂષ, વિશ્વવાત્સલ્ય મહાવીર, બ્રહ્મચર્યસાધના અને ધર્માનુબંધી વિશ્વદર્શનના ૧૦ પુસ્તકો મળે છે.

'રામાયણ', 'મહાભારત' અને જૈનદૃષ્ટિએ 'ગીતા' જેવાં પુસ્તકો પણ તેમની કલમે સર્જાયા છે.

અનંતની આરાધના અને સંતબાલ પત્રસુધા ભાગ-૧-૨ માં પત્રસાહિત્ય સંકલિત થયું છે. બધા મળીને ૬૦ પુસ્તકો તેમની કલમે રચાયાં છે.

પત્રકારત્વના ક્ષેત્રમાં પણ એમનું સારું એવું પ્રદાન છે. તેઓની પ્રેરણાથી વિશ્વવાત્સલ્ય, પ્રયોગદર્શન, નવા માનવી વગેરે પાક્ષિકોનું પ્રકાશન શરૂ થયેલું. 'વિશ્વવાત્સલ્ય' માં તેઓ પ્રાસંગિક લેખો લખતા હતા.

> સૌ સજ્જનોના ગુણ લૈ પ્રમોદુ, અસાધુ ભાવેય રહું તટસ્થ;
> વિરોધ વૃત્તિ કૃતિ કે વિચારે, સર્વત્ર મૈત્રી અનુકંપભાવે.



## ૫ સંતબાલજીની લોકકલ્યાણની પ્રવૃત્તિઓ

(૧) ભાલનળકાંઠામાં પ્રવૃત્તિ ઈ.સ. ૧૯૩૭ થી ૧૯૪૭ - પૂ. સંતબાલજી 'ધર્મદૃષ્ટિએ સમાજરચના' હકીકતને ખ્યાલમાં રાખી, જૈનસંત તરીકે જીવન વ્યતીત કરવાની ભાવના રાખતા હતા. તેઓ ગાંધીજીના વિચારો અને કાર્યોથી ખૂબ પ્રભાવિત થયા હતા. અહિંસામય, કરુણામય દૃષ્ટિએ તેઓ બધી સમસ્યાઓનો ઉકેલ લાવવા પ્રયત્ન કરતા હતા. તેમની કોઈ પ્રવૃત્તિ 'સંસારી' ન હતી. કોઈના કલ્યાણના હેતુ સિવાય બીજો કોઈ હેતુ એમનો ન હતો. 'રાષ્ટ્રીયસંત' 'વિશ્વમાનવ' સંતબાલજી 'જગતસંત' હતા.

પૂ. સંતબાલજી તેમની પ્રાર્થનામાં અગિયારવ્રત પણ સહુને ઝીલાવતાં. આ વ્રત ખૂબ જાણીતાં છે :-

'અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અસંગ્રહ,
શરીરશ્રમ, અસ્વાદ, સર્વત્ર ભયવર્જન
સર્વધર્મે સમાનત્વ, સ્વદેશી સ્પર્શભાવના
આ એકાદશ સેવોજી નમ્રત્વે વ્રત નિશ્ચયે.'

આ વ્રત અનુસાર આપણે સૌ જીવન જીવીએ અને અન્યને પણ સન્માર્ગે લાવવાની પ્રેરણા આપીએ એ એમનો પ્રધાન ઉદ્દેશ હતો. તેઓ નીતિ, ધર્મ અને અહિંસા, સદાચાર વગેરે ઉત્તમ મૂલ્યોને સૌ સ્વીકારે એ માટેનો પ્રચંડ પુરુષાર્થ કરતા હતા. કોઈ સ્થૂળ હેતુ કે દુન્યવી કહી શકાય એવી કોઈ અપેક્ષાથી તેઓ કોઈ પણ કાર્ય હાથ ધરતા ન હતા. જે કંઈ શુભ અને મંગલ હોય તેના તેઓ પુરસ્કર્તા હતા. લોકસેવાની તેમની સર્વ પ્રવૃત્તિનું બીજ ભાલનળકાંઠાના અનેક પ્રશ્નોમાંથી પાણીની સમસ્યાના ઉકેલમાં જોઈ શકાય છે. નળકાંઠામાં પક્ષીઓનો શિકાર થતો તે બંધ કરવા પણ તેમના આત્માના પોકારનો હજારો લોકોએ જાણે કે પડઘો પાડ્યો છે. આ રહ્યા એ શબ્દો :- 'શિકારી બંધુઓને સદ્‌બુદ્ધિ મળો ! અહિંસાનો પૂરા અર્થમાં વિજય થાઓ.' વર્ષો સુધી સૂત્રોચ્ચાર એ પ્રદેશમાં બોલાતો હતો. એમના આત્માનો આ પોકાર, હકીકતમાં તો ભગવતી અહિંસાનો, મહાવીરપ્રભુની જીવનભાવનાનો પોકાર હતો - જૈનધર્મનો પ્રાણ હતો.

પ્રેમના સાગર સંતબાલજી બાલભાવના વિકસાવતા ગયા. બાળકભાવે આખી સૃષ્ટિને નિહાળતા રહ્યા. સૌમાં તેમણે માતાનું, માતાના વાત્સલ્યનું દર્શન કર્યું. જૈન વિચારધારા અને ગાંધીવિચારનો સમન્વય કરીને ભાલનળકાંઠા પ્રયોગ તેમણે આરંભ્યો હતો. તેઓએ કહ્યું છે -

''વિશ્વવાત્સલ્ય સામે રાખીને, સર્વધર્મ સમન્વયની દૃષ્ટિએ સમાજરચનાનો આ પ્રયોગ છે. નીતિ અને ધર્મ તેના પાયામાં છે. પછાતવર્ગ, ગામડાં અને નારીજાત આ ત્રણેથી આ પ્રયોગની શરૂઆત થઈ છે. આ પ્રયોગમાં ભારતની પ્રાચીન સાંસ્કૃતિક પરંપરાની જેમ રાજ્યસત્તા ઉપર જનતાનો અંકુશ રહે, જનતા ઉપર જનસેવકો રહે, જનસેવકોને સાધુ-સંતોનું માર્ગદર્શન રહે એ દૃષ્ટિએ ભાલનળકાંઠાના પ્રયોગમાં ગ્રામીણ જનતાના કિસાન ગોપાલક અને ગ્રામોદ્યોગ



મજૂરોનાં સંગઠનો છે.''

ઈ.સ. ૧૯૩૮ માં સૌથી પહેલીવાર સંતબાલજીએ નપાણિયા ભાલમાં પ્રવેશ કર્યો. વિરમગામ, સાણંદ, ધોળકા અને ધંધુકાનો પ્રદેશ કે જે, સૌરાષ્ટ્ર અને ગુજરાતના સીમાડા પર આવેલ છે તે ભાલનળકાંઠાનો પ્રદેશ કહેવાય છે. ઈ.સ. ૧૯૩૮ નું પૂ.શ્રીનું ચાતુર્માસ વાઘજીપુરા નામના ગામમાં થયું. આ ગામ અમદાવાદ અને બાવળાની વચ્ચે આવેલું છે. ગામડામાં ફરતાં ફરતાં એક દિવસે ઘોડાસર ગામમાં ડાહ્યાભાઈ મલાતજવાળા આવ્યા અને તેમણે વિનંતી કરી કે નળકાંઠા ચાલો, ત્યાં એક વિશાળ કોમ છે. થોડા દિવસો આપો. જાણે કે ભાલનળકાંઠાના કાર્યપ્રદેશનો આરંભ કરવા કુદરતે જ આ ભાઈને મોકલ્યા હશે !

**માણકોલ મુકામે પ્રથમ સંમેલન :-**

શ્રી છગનભાઈ દેસાઈએ માણકોલમાં વાતાવરણ તૈયાર કરી રાખ્યું હતું. તા. ૫-૧-૧૯૩૯ ના રોજ ૭૦ ગામના ૭,૦૦૦ માણસોનું તળપદા કોળી પટેલોનું પ્રથમ સંમેલન ભરાયું. પૂ. શ્રીએ લોકપાલ નામ આપી એ કોળી પટેલોનું ગૌરવ કર્યું. આ કોમને પાળવાના નિયમોનું બંધારણ ઘડી આપ્યું. તેનો અમલ એમના પંચ મારફત જ કરવાનો હતો. જ્ઞાતિ સુધારણાના શ્રી ગણેશ થયા.

ગામેગામ ફરીને લોકોને નિર્વ્યસની બનાવનાર જીવનશુદ્ધિનો જાણે મહાયજ્ઞ માંડ્યો. પૂ. રવિશંકર મહારાજ લખે છે, ''સંતબાલને લોકો ચાની પ્રતિજ્ઞાવાળા 'સાવાળા' મહારાજ તરીકે ઓળખતા. અહો ! તે વખતો શો ઉત્સાહ! નાના મોટા સર્વ કોમના માણસો પ્રતિજ્ઞા માટે પડાપડી કરતાં.''

નળકાંઠાની મોટાભાગની વસ્તી માંસાહારી, પક્ષીનો શિકાર રોજિંદી પ્રવૃત્તિ, તળપદા કોળી ઉપરાંત, ભાલમાં ભરવાડ કોમની વસ્તીનું પ્રમાણ પણ

મોટું. તેના બે મોટા અનિષ્ટો (૧) બાળલગ્ન, (૨) દિયરવટું. દિયરવટું એટલે ભાભી વિધવા થાય તો તેણે બીજા લગ્ન દિયર સાથે જ કરવા પડે. દિયર ભલે ને ગમે તેટલો નાનો હોય !

આખો પ્રદેશ શાહુકારોના વ્યાજથી પણ શોષાતો હતો. તાલુકાદારોના ત્રાસથી કંપતો હતો. લગ્ન અને બીજા કૌટુંબિક રિવાજોમાં ભયંકર દેવું થતું અને પછી કાયમી તકલીફ ભોગવવી પડતી. ચોરી, લૂંટફાટ, સ્ત્રીઓનું અપહરણ, પશુની ઉઠાંતરી, જુગાર, દારૂ પીવો વગેરે અનિષ્ટો તો ખરાં જ.

ઉપરાંત, ભાલનો વિશાળ પટ સાવ સૂકો. ન મળે ઝાડ કે ન મળે પાન. 'કપાળમાં મળે વાળ તો ભાલમાં મળે ઝાડ !' પાણીનો ભારે ત્રાસ, ખારોપાટ એટલે કૂવાનાં પાણી પણ ખારા હોય. તળાવનાં પાણી ખૂટે એટલે નાના વીરડા ગાળી પાણી મેળવવું પડે. પોતપોતાના વીરડા ઉપર ખાટલા ઢાળીને લોકોને સૂવું પડે. જો એ રીતે ચોકી ન કરે તો પાણીની પણ ચોરી થાય. આ બધાં અનિષ્ટો જોઈ, જાણી પૂ. શ્રીનું અનુકંપાશીલ હૃદય દ્રવી ઉઠ્યું અને તેમણે આ પ્રદેશને પોતાના કાર્યક્ષેત્ર તરીકે પસંદ કર્યો.

**ખેડૂતોનું સંગઠન :-**

નળપ્રદેશના ૧૧૨ જેટલાં ગામોનું સંગઠન કર્યું. આ સંગઠન પાછળનો મુખ્ય ઉદ્દેશ ગામડાંઓ અનાજ, વસ્ત્ર, રહેઠાણ, આરોગ્ય, શિક્ષણ, ન્યાય અને રક્ષણની બાબતોમાં સ્વાવલંબી બને એ હતો. 'ગામડાઓ જાગો, ગામડાંઓ એક થાઓ, તમારું સંગઠન સાધો.'

**અનુબંધનો સિદ્ધાંત :-**

ભારતની ભૂમિમાં પાંગરેલા અને વિકસેલા પ્રાચીન સિદ્ધાંતને પૂ.



સંતબાલજીએ 'ધર્માનુબંધી સમાજરચના' કહીને આપણી સમક્ષ રજૂ કર્યો. 'અનુ' શબ્દનો અર્થ થાય છે 'અણુ' અને 'બંધ' નો અર્થ થાય છે. 'બાંધનારું બળ'. આ અનુબંધની સાદી સમજણ એટલી જ કે સામાજિક ઉત્ક્રાંતિમાં ચાર બળોનો સુમેળ થવો જોઈએ - (૧) રાજ્ય (૨) રાજ્યના વહીવટી અને કાયદાકીય તંત્રને દોરવણી આપી શકે, તેના પર અંકુશ રાખી શકે એવા લોકોની સંખ્યાઓ કે સંસ્થાઓ (૩) લોકોના સંગઠનોને સાચી દોરવણી પૂરી પાડી શકે તે માટેના આધ્યાત્મિક અને સામાજિક આગેવાનો (૪) સમાજના આધ્યાત્મિક નેતાઓ અને સંતો, જેઓ આગળ વર્ણવેલ ત્રણેય બળોને પ્રેરણા અને માર્ગદર્શન આપે.

આ ચારેય સામાજિક બળોએ એકમેક સાથે જોડાઈને સુમેળથી કાર્ય આગળ ધપાવવા જોઈએ. તેથી તે વિશ્વના સામાજિક માળખામાં સુમેળ ઊભો કરી શકે અને તેની સમતુલા પણ જાળવી શકે. જો સમતુલા ન જળવાય તો સામાજિક અવ્યવસ્થા ઊભી થશે.

પૂ. સંતબાલજીની વિવિધલક્ષી પ્રવૃત્તિઓમાં આપણા રાષ્ટ્રના જાણીતા સંતો પૂ. રવિશંકર મહારાજ, મુનિ નેમિચંદજી, માનવમુનિ, જનકવિજયજી અને જ્ઞાનચંદ્રજી આદિ અનેક સંતોનો સર્વાંગી સહયોગ પ્રાપ્ત થયો હતો.

રાષ્ટ્રસંતો જ નહીં સમાજના વિવિધ ક્ષેત્રમાં અનેક મહાનુભાવો તથા પ્રતિષ્ઠિત નર-નારીઓ પૂ. શ્રીના અંતેવાસી તરીકે તથા સહયોગી તરીકે આપેલી સેવાઓનું પણ આ પ્રસંગે સ્મરણ કરતાં ધન્યતા અને આદરની સ્નેહસભર ઊર્મિઓ વ્યક્ત કરીએ છીએ. આમાનાં વિશેષ ઉલ્લેખનીય - શ્રી છોટુભાઈ મહેતા, કાશીબહેન મહેતા, ગુલામરસુલ કુરેશી, ફલજીભાઈ ડાભી, બળવંતભાઈ ખંડેરિયા, મણિભાઈ પટેલ, બચુભાઈ ગોસલિયા, દીવાનસિંહ ચૌહાણ, હરિભાઈ

દોશી, અંબુભાઈ શાહ, નવલભાઈ શાહ, મીરાબહેન, અનુબહેન, પ્રભાબહેન, વનિતાબહેન, લલિતાબહેન, ચંચળબહેન, છબલબેન, સુરાભાઈ ભરવાડ, મનુ પંડિત, દુલેરાય માટલિયા, વીરચંદભાઈ ઘેલાણી, પુષ્પાબહેન તથા અરવિંદભાઈ મહેતા, જે.કે. દીવાન, દેવીબહેન અને જયંતિભાઈ શાહ - આ નામો પૂ. સંતબાલજીની જન્મશતાબ્દીના અવસરે અવશ્ય સ્મૃતિને અજવાળે અને પુનિત પ્રકાશ અર્પી રહે છે.

**શુદ્ધિપ્રયોગ :-**

સમાજના અનેક પ્રશ્નોના ઉકેલ માટે કેવા પ્રયત્નો કરવામાં આવ્યા હતા તેની વિગત આ પ્રયોગથી જાણી શકાય છે. શુદ્ધિપ્રયોગ એટલે ‘શુદ્ધ કરવાની પ્રક્રિયા’. આ પદ્ધતિ પાછળની ભૂમિકા એવી છે કે કોઈપણ માણસ બિલકુલ ખરાબ હોતો નથી. તેનામાં રહેલ સદ્‌ગુણને જાગૃત કરવાની જરૂર છે. શ્રી અંબુભાઈ શાહ દર્શાવે છે,

“અન્યાયનો સામનો કરવા માટે સામાન્યપણે ચાર જુદી જુદી પદ્ધતિઓ અમલમાં મૂકી શકાય. તેમાંની પહેલી પદ્ધતિ અનુસાર હિંસાનો આશ્રય લેવો પડે. તેમ કરવાથી કદાચ તાત્કાલિક રાહત મળે, પરંતુ પ્રશ્નોનો કાયમી ઉકેલ આવી શકતો નથી. બીજી પદ્ધતિ એવી છે કે અન્યાયના પ્રતિકાર માટે ન્યાયની કોર્ટનો આશ્રય લેવો. પરંતુ આ પદ્ધતિને તેની પોતાની કેટલીક મર્યાદાઓ છે. ત્રીજી પદ્ધતિ લોકોની નૈતિક તાકાતને ઉપયોગમાં લેવાની છે. જો સમાજમાં પડેલી સામૂહિક નૈતિક તાકાતને સંગઠિત કરવામાં આવે તો તેનાથી સામાજિક ક્રાંતિનો પાયો અવશ્ય નાખી શકાય. શુદ્ધિપ્રયોગના અનેક દૃષ્ટાંતો મળે છે.”

**ભાલનળકાંઠા પ્રાયોગિક સંઘ :-** સંતબાલજીએ ગામડાં અને શહેર બંનેના વિકાસ



માટે કેટલીક યોજનાઓ તૈયાર કરી, અમલમાં મૂકી હતી. તેઓ માત્ર ક્રાંતિકારક કે કાલ્પનિક વિચારો રજૂ કરનાર ન હતા, પરંતુ એ વિચારોને તેમજ સિદ્ધાંતોને વ્યવહારમાં મૂકી, રચનાત્મક કાર્ય કરવાની પ્રેરણા આપનાર મહામાનવ હતા. પ્રયોગની પ્રેરણાભૂમિ ગુંદી આશ્રમ બને છે. ભાલનળકાંઠામાં કાર્ય કરતા અને કામમાં સક્રિય રસ ધરાવતા ભાઈબહેનોની એક સભા ૧૯૪૭ માં બાવળા મુકામે ભરવામાં આવી હતી. સર્વોદયની ભાવના સાથે એ પ્રદેશમાં વિચરી રહેલા સંતબાલજીએ પ્રાયોગિક સંઘની કલ્પના સ્પષ્ટ કરી. પ્રાયોગિક સંઘ એટલે પ્રયોગ કરનારાઓનો સંઘ. સમાજને ઊંચે લાવવા, તેને ઘડવા, તેના મૂલ્યો બદલવા વિવિધ ક્ષેત્રોમાં પ્રયોગો કરવા પડશે.

આ પ્રયોગો જૂના અને નવા રચનાત્મક સેવકો મળીને કરશે. પ્રાયોગિક સંઘ એ શુદ્ધ રચનાત્મક સેવકોની નૈતિક શક્તિ છે.

**સંઘનો ઉદ્દેશ :-** માણસ એ જીવસૃષ્ટિનું અવિભાજ્ય અંગ છે. તેથી એનું જીવન એવું હોવું જોઈએ કે જીવસૃષ્ટિને વિકસાવીને વિકસે. આ ઉદ્દેશ લક્ષમાં રાખીને સદરહુ પ્રદેશમાં તેમજ પ્રસંગોપાત બીજા ક્ષેત્રોમાં સંઘે જરૂરી પ્રવૃત્તિઓ કરવી અને કરાવવી. સંઘની પ્રવૃત્તિઓને નૈતિક રીતે પહોંચી વળવા વૈતનિક સભ્યો અને કાર્યકર્તા રોકવા. આવા જૂથના રોકાણને લીધે થતા ખર્ચને પહોંચી વળવા ફાળો ઉઘરાવવો. ધનને ગૌણ ગણીને તન અને મનથી કાર્ય આપનારનું સ્થાન ઊંચું ગણવામાં આવશે.

આ સંઘના પ્રથમ પ્રમુખ તરીકે પૂ. રવિશંકર મહારાજે ઈ.સ. ૧૯૪૭ થી ૧૯૫૬ સુધી સેવાઓ આપી હતી. સંઘે વ્યવસ્થિત રીતે સર્વોદય આશ્રમ, ગુંદીમાં પોતાનું કાર્યાલય શરૂ કરી, વિવિધ પ્રવૃત્તિઓનું સંચાલન હાથ ધર્યું. ગુંદી ધોળકા

તાલુકાનું નાનું ગામ છે. સર્વોદય આશ્રમ, ગુંદીના ઉપક્રમે અનેકવિધ સેવાકાર્યો થયાં અને આજે પણ થઈ રહ્યા છે. બાલમંદિર, ઔષધાલય, મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર, વિશ્વવાત્સલ્ય (પાક્ષિક), ખેડૂતમંડળ, ગોપાલક મંડળ, દુષ્કાળ કર્તવ્ય સમિતિ, ખાદી ગ્રામોદ્યોગ પ્રવૃત્તિ, શિક્ષણ સંચાર સમિતિ, શ્રમજીવી મજૂર મંડળ, સર્વોદય યોજના સહકારી મંડળીઓ વગેરે. ટૂંકમાં, લોકોના આર્થિક, સામાજિક, નૈતિક, આધ્યાત્મિક એમ સર્વાંગી વિકાસ માટે કામ કરતો સંઘ.


**સંઘની પ્રણાલી** :- આ સંઘ નૈતિક પાયા પરનું આર્થિક સામાજિક સંગઠન છે. ગાંધીજીને 'લોકસેવકસંઘ' રચવાની ભાવના હતી તે ભાવના આ સંઘ દ્વારા પ્રગટ રૂપ લેશે. તેથી આ સંઘના કેટલાક વિશિષ્ટ આદર્શોને કેન્દ્રમાં રાખી, બધી પ્રવૃત્તિઓ યોજાશે, જેમાંની કેટલીક બાબતો આ પ્રમાણે છે :-

- દાન અને સત્તાને પ્રતિષ્ઠા ન આપવી.
- નીતિમય અને ન્યાયસંપન્ન આજીવિકાના પાયા ઉપર વ્યવહાર કરવો.
- સામાન્ય ગણાતા પણ પ્રામાણિક અને નિષ્ઠાવાન સેવકોનું ટ્રસ્ટીમંડળ
- બિનહિસાબી નાણાનું દાન લેવું નહીં.
- ધર્મદૃષ્ટિએ સમાજરચનાનું આ પ્રયોગક્ષેત્ર બની રહેશે.
- રાજકીય પક્ષાપક્ષીથી પર એવું તટસ્થ અને રચનાત્મક વિકાસમાં સક્રિય કામ કરવાનું રહેશે.
- લોકકલ્યાણના નવા નિયમો બનાવાશે, જૂના સુધારશે. અહિંસક ક્રાંતિના માર્ગે વિકાસ કરવાનો રહેશે.

આ સંઘે ગુંદી આશ્રમના ઉપક્રમે હાથ ધરેલી વિવિધ પ્રવૃત્તિઓ વિશે તો



સ્વતંત્ર પુસ્તક થઈ શકે એટલી હકીકતો મળે છે. આજે પણ અનેકવિધ કાર્યક્રમોથી આ સર્વોદય આશ્રમ ખૂબ જ વિકાસ સાધી રહેલ છે અને આખાય ભાલનળકાંઠા પ્રદેશને અનેક રીતે ઉપયોગી થઈ, લોકકલ્યાણને વરેલાઓને માટે નવી દશા અને દિશા દર્શાવે છે. પૂ. સંતબાલજીના પાયાના પ્રદાનને વંદન સાથે યાદ કરી ગૌરવ અને આનંદનો ઉદ્ગાર વ્યક્ત કરીએ.



## ૬ વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘ

સમાજમાં સત્ય, ન્યાય અને પ્રેમ મારફત જવાબદાર લોકશાહીના માર્ગે સમાજકલ્યાણની અનેકવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવાના ઉદ્દેશથી આ સંસ્થા સ્થાપવાનો વિચાર કરવામાં આવ્યો. પ્રથમ વિચારણા કરવા માટેની એક સભા, ૧૯૫૮ માં ગુરુદેવ પૂ. નાનચંદ્રજી સ્વામી તથા સંતબાલજીની નિશ્રામાં કાંદીવલી મુકામે મળી હતી. ૧૯૫૮ ના વર્ષના ઓગષ્ટ માસમાં, ઘાટકોપર મુકામે તેનું બંધારણ મંજૂર કરવામાં આવ્યું અને આ સંઘની કામગીરી વેગવંતી બની.

મુખ્યત્વે શહેરી વિસ્તારમાં આ સંઘ અનેક પ્રકારની કામગીરી કરી રહેલ છે. આ સંઘના કાયમી કાર્યાલય માટે, સૌથી પ્રથમ મુંબઈને પસંદ કરવામાં આવ્યું. સેંકડો બહેનોને નાત-જાત કે ધર્મના ભેદભાવ વગર રોજીરોટી મળી રહે તેવા ગ્રામઉદ્યોગો અને ગૃહઉદ્યોગો શરૂ કરવા પર પસંદગી ઉતરી.

આ સંઘે પૂ. સંતબાલજીની ૫૫ મી જન્મજયંતિ ઉજવવાનું નક્કી કરી ભંડોળ એકઠું કરવાની પ્રવૃત્તિ હાથ ધરી અને એક લાખ રૂપિયા એકઠા કરવામાં



આવ્યા. તેમાંથી ૫૫,૫૫૫ ભાલનળકાંઠા પ્રાયોગિક સંઘને તેમની પ્રવૃત્તિ માટે ફાળવવામાં આવ્યા અને બાકીની રકમ શ્રી સંઘ હસ્તક બહેનોની પ્રવૃત્તિઓ માટે વાપરવાનું નક્કી થયું. એ માટે ઘાટકોપર મુકામે, વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘ દ્વારા, મહિલા ગૃહ ઉદ્યોગ જે અત્યારે માતૃસમાજ તરીકે જાણીતું છે, કામાગલીમાં આવેલું છે તેના મકાન ખરીદવા માટે ફંડ વાપર્યું. આ માતૃસમાજ શુદ્ધ વસ્તુઓનો ઉપયોગ કરી અથાણાં, મસાલા, પાપડ વગેરે ચીજો જાતદેખરેખ નીચે તૈયાર કરાવી વેચાણ કરે છે.

ધર્મ અને સમાજકલ્યાણી, મહિલા કલ્યાણની પ્રવૃત્તિઓ ઉપરાંત આપણા દેશની વિવિધ પ્રવૃત્તિઓ દા.ત. દલાઈ લામાનું સ્વાગત, મુંબઈ દ્વિભાષી રાજ્યનું આંદોલન,કચ્છ-ગુજરાતના રેલ પ્રસંગો, ભાષાકીય કર્મચારીઓની હડતાલ વગેરે દેશને લગતા અનેક પ્રશ્નો વખતે સંઘે ઠરાવી, આંદોલન કરી પોતાનો ફાળો આપ્યો છે. વર્તમાનમાં પણ આ સંઘ ખૂબ સક્રિય છે.

**મુંબઈના ત્રણ માતૃસમાજો :-**

માતૃસમાજ ઉદ્યોગગૃહ - કામાલેન, સી.પી. ટેંક અને શિવ.

માતૃસમાજોનો મુખ્ય કાર્યક્રમ :- આમ તો હજી શહેરોમાં અને તે પણ આંગળીને વેઢે ગણાય તેટલા માતૃસમાજો ઉઘડ્યા છે. આ માતૃસમાજો મધ્યમવર્ગીય સમાજ માટે થોડીક પૂરક આજીવિકા મેળવી આપે છે પરંતુ હવે પછી તેનો કાર્યક્રમ તોફાનો સામેના સામુદાયિક અહિંસક પ્રતિકારનો રહેવો જોઈએ. સત્યાગ્રહ મહાન તાકાત ધરાવે છે. શિક્ષણ, સંસ્કાર, સામૂહિક મનોરંજન કાર્યક્રમ, ગૃહઉદ્યોગ - કેળવણી વગેરે કાર્યક્રમો યોજી શકાય.

ઈ.સ. ૧૯૫૮ માં ઘાટકોપર માતૃસમાજનો મંગલ પ્રારંભ થયો. સંઘે ખરીદેલા પોતાના મકાનમાં જ વિવિધ પ્રવૃત્તિઓ શરૂ થઈ. ઈ.સ. ૧૯૫૯ માં સાયન-માટુંગાનો માતૃસમાજ અને ૧૯૬૦ માં માધવબાગ શાખાનો આરંભ થયો. આ સમાજને પોતાનું મકાન ૧૯૬૮ માં મળે છે.

આ સિવાય અમદાવાદ - ઉસ્માનપુરામાં, માતૃસમાજ ૧૯૬૩ માં શરૂ થયો અને ૧૯૬૪માં કલકત્તા મુકામે પણ આ માતૃસમાજની શાખા શરૂ થઈ. પૂ. સંતબાલજી કહે છે કે જે કાર્ય માતાઓ કરી શકે છે, તે પુરુષો નથી કરી શકતા કારણ કે માતાઓમાં વાત્સલ્ય, સેવાસુશ્રૂષા, દયા, નમ્રતા વગેરે ઉત્તમ શક્તિઓ પડેલી છે. આજે માતાઓમાં પડેલી એ શક્તિ કુંઠિત થઈ ગઈ છે, કાં તો સાંકડા વર્તુળમાં જ સ્વાર્થ કે મોહ વધારવામાં એનો ઉપયોગ થાય છે.

આપણે શહેરમાં કે કસબાઓમાં પડેલી આવી માતૃશક્તિનો વિકાસ કરવા માગીએ છીએ અને તે માતૃસમાજના માધ્યમ દ્વારા જ થઈ શકે. કારણ કે જ્યાં સુધી આવી સંસ્થા ન હોય ત્યાં સુધી એવા વાત્સલ્યમયી માતાને સમાજના અનેક દુ:ખિત, પીડિત અને આર્થિક ચિંતાગ્રસ્ત બહેનોનો સંપર્ક ક્યાં થાય ? એટલે વાત્સલ્ય મળી શકે અને બહેનો પોતાની વાત્સલ્યશક્તિને વિકસાવી શકે એ માટેનું માધ્યમ માતૃસમાજ છે.

માતૃસમાજની બહેનોમાં નારીએકતા, સાદાઈ, પ્રેમ, ત્યાગ, તપ અને સમાજને ઉપકારક કાર્યો વધુને વધુ વિકાસ પામો એવી શુભેચ્છાઓ અનેક મહાનુભાવોએ વ્યક્ત કરી હતી.

**વિશ્વવાત્સલ્ય અને સંતબાલ એવોર્ડ ફાઉન્ડેશન :-** મુનિશ્રી પ્રેરિત સંસ્થાઓને મનુભાઈ પંચોલી 'દર્શક' ના ટ્રસ્ટ દ્વારા સુંદર કામગીરી બદલ એવોર્ડ



એનાયત કરવામાં આવ્યો તે નિધિમાં સંસ્થા દ્વારા બીજું ફંડ ઉમેરવામાં આવ્યું અને થોડા વર્ષો પૂર્વે મુનિશ્રીની સ્મૃતિમાં વિશ્વવાત્સલ્ય અને સંતબાલ એવોર્ડ ફાઉન્ડેશનની સ્થાપના કરવામાં આવી. આ ફાઉન્ડેશન દ્વારા પ્રતિ વર્ષ મહાત્મા ગાંધીજી અને મુનિશ્રી સંતબાલજીના ચિંધ્યા રાહે ગ્રામોત્થાન, યુવાજાગૃતિ તથા મહિલા ઉત્કર્ષના કાર્યો કરતી વ્યક્તિ તથા સંસ્થાઓને પ્રતિવર્ષ એવોર્ડ એનાયત કરવામાં આવે છે.

# ૭ મહાવીરનગર આંતરરાષ્ટ્રીય કેન્દ્ર

પૂર્વભૂમિકા :-

મુનિશ્રી સંતબાલજીની વિચારસરણી ખૂબજ માંગલ્યકારક અને પ્રગતિશીલ છે. ગ્રામ વિસ્તાર માટેની પ્રવૃત્તિઓનું ગુંદીથી સંચાલન થતું હતું. શહેરી વિસ્તારની અને વિશેષ તો દેશના જુદા જુદા ભાગની પ્રવૃત્તિઓનું સંકલન કરી હવે તે બધીને આંતરરાષ્ટ્રીય ક્ષિતિજ પર યોજવાની રજૂ કરવાની તેમની ભાવના હતી.

વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘે વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરી હતી જ અને શહેરી વિસ્તારમાં તેનું કાર્યક્ષેત્ર વિસ્તૃત થતું જતું હતું. પરંતુ એ બધી પ્રવૃત્તિઓની એક સ્થળેથી સંચાલન થાય તો વિશેષ સરળતા રહે, કાર્ય વધુ સ્વરૂપ મળે એ આશયથી આવું કોઈ કેન્દ્ર આવશ્યક હતું.

ઉપરાંત પૂ. સંતબાલજીની ઈચ્છા વિહારયાત્રાને બદલે એક સ્થાને સ્થિરવાસ કરવાની પણ હતી, પરંતુ સ્થિરવાસ માત્ર આરામ કરવા માટે કે કાર્યક્ષેત્રને સીમિત કરવા માટે ન હતો, જીવનભરની સાધનાનો, સેવાનો વધુ અસરકારક લાભ સહુ કોઈને પ્રાપ્ત થાય એ આશયવાળો હતો.



તેઓશ્રીએ લખ્યું કે, ''દીક્ષાને ચાલીસ વર્ષ પૂરા થાય ત્યાર પછી સ્થિરવાસની દૃષ્ટિએ ન છૂટકે આટલામાં ફરાશે.'' તેથી તેઓએ ૧૯૬૮ નું ચાતુર્માસ ચિંચણમાં અને ઈ.સ. ૧૯૬૯ નું ચાતુર્માસ વાનગાંવ (મહારાષ્ટ્ર) માં કર્યું. ૧૯૬૮ માં પાલઘર મુકામે સ્થિરવાસ સમારંભ પણ યોજાયો અને ૧૯૬૯ માં મહાવીરનગરની જમીન ખરીદવામાં આવી. ૧૯૭૦ માં ચિંચણની વાડી જીવતી જાગતી આંખે જોવા ઈચ્છું છું એવી પૂજ્યશ્રીની શુભભાવના સાકાર બની શકી.

**સ્થળ પસંદગી :-** આવું કેન્દ્ર મહારાષ્ટ્રમાં શા માટે તેની ચર્ચા કરતાં પૂ. શ્રીએ દર્શાવ્યું છે. મુંબઈ અહીંથી સાવ નજીક અને મુંબઈ જ ભારતનું એકમાત્ર પચરંગી અને આંતરરાષ્ટ્રીય બંદર હોઈને આ સ્થાન, વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘના આંતરરાષ્ટ્રીય શાખા સંબંધને માટે અનુકૂળ ગામડાનું છે.

ભારતીય ગામડું અને ગામડામાં પણ ભારતીય ખેડૂતને વિશ્વકેન્દ્ર બનવાનું નિર્માણ હોય તો આવા સ્થાનો જ સુયોગ્ય ગણાય. ઉપરાંત, મુંબઈથી ગુજરાત જવા માટેનું આ જ અનાયાસે મધ્યવર્તી સ્થળ હોવાથી અહીંનું કેન્દ્ર બનવા માટે અનુરૂપ છે. વિશેષમાં એક નૈસર્ગિક કારણ પણ ખરું કે એક બાજુ આવા આત્મકેન્દ્રની રચના થાય છે.

**સ્થાન :-** ચિંચણથી (ચિંચણી) મુંબઈ રેલરસ્તે બોઈસરથી ૧૦૭ કિ.મી. છે અને રોડરસ્તે ૧૪૩ કિ.મી. છે. બોઈસર સ્ટેશનથી ચિંચણ ૯ કિ.મી. છે.

**નામ :-** આ કેન્દ્રનું નામ મહાવીરનગર રહેશે. અહિંસા પરમો ધર્મ, આ કેન્દ્રનું મુખ્ય સૂત્ર બની રહેશે. મહાવીર માત્ર જૈનોના બની ગયા છે તેથી આ નામને જગતના મહાવીર બનાવવા, સાંપ્રદાયિક વાડાઓમાં પુરાઈ ગયેલા આ ધર્મને વિશ્વધર્મ બનાવવા માટે આ કેન્દ્રમાં પ્રવૃત્તિઓ થશે.

**ચાર વિભાગો** :- આ કેન્દ્રની પ્રવૃત્તિઓ, આ યુગના ચાર પેટા નામોના કેન્દ્રમાં રાખી ચલાવાશે. એ ચાર પેટા નામો આ પ્રમાણે છે.

(૧) શ્રીમદ્ રાજચંદ્ર વિભાગ :- આ કેન્દ્રમાં એમનું નામ એટલા માટે મુખ્ય રહેશે કે તેઓ વિશ્વવંદ્ય વિભૂતિ ગાંધીજીને પ્રેરણા દેનારા પુરુષો પૈકી પ્રથમ કોટિના પ્રેરણાપાત્ર પુરુષ હતા. આ વિભાગમાં શ્રીમદ્‌ના જૈનધર્મના વિચારોનું તથા દુનિયાના તમામ ધર્મોનું શિક્ષણ આપવાનું હતું. સર્વધર્મને લગતી ઉપાસનાની પ્રવૃત્તિઓ તથા નિવૃત્ત થયેલા લોકો આધ્યાત્મિક સાધનામાં પોતાનો સમય ગાળવા માંગતા હોય તેમને માટે નાત-જાતના, ધર્મ કે દેશના ભેદભાવ વગર આવાસો (રહેવાની) વ્યવસ્થા કરવાની હતી.

(૨) મહાત્મા ગાંધી વિભાગ :- બીજો વિભાગ ગાંધીજીની વિચારધારાને લગતો હશે. પૂ. શ્રીએ દર્શાવ્યું છે કે તેઓ આ આખા પ્રયોગમાં પાયારૂપ અને મારા માનસિક ગુરૂરૂપ છે. સામુદાયિક અહિંસાની અનેકવિધ પ્રવૃત્તિઓ આ વિભાગમાં થશે. નઈ તાલીમનું શિક્ષણ, અર્થકારણનું વિકેન્દ્રીકરણ પણ આ વિભાગમાં અપાશે.

(૩) મુનિશ્રી નાનચંદ્રજી વિભાગ :- મહાત્મા ગાંધીજીના વિચારો અને આદર્શોને જૈનસમાજ પાસે રજૂ કરનાર તેઓ પ્રથમ જૈનસાધુ છે. તેઓની તીવ્ર ઇચ્છા જૈન સાધુ-સાધ્વીઓના ઊંડા અધ્યયનની હતી. તેથી આ વિભાગમાં જૈન સંત-સતીના તથા બધા ધર્મોના શાસ્ત્રોનું શિક્ષણ આપવાની પ્રવૃત્તિ થશે.

(૪) પંડિત જવાહરલાલ નહેરુ વિભાગ :- વિશ્વમાનવ પંડિત જવાહરલાલ નહેરુએ વિશ્વશાંતિ માટેના પ્રચંડ પુરુષાર્થને ખ્યાલમાં રાખી આ વિભાગને તેમનું નામ આપવામાં આવશે. આ આંતરરાષ્ટ્રીય કેન્દ્રમાં જે કોઈ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ



આવશે તેમના માટેના અધ્યયન, આવાસ વગેરેની વ્યવસ્થા આ વિભાગમાં થશે. મુમુક્ષુઓને આંતરરાષ્ટ્રીય અધ્યયનની સગવડ પણ મળી રહેશે.

આવાસ, આરોગ્ય, મનોરંજન - સાત્ત્વિક મનોરંજનની જુદી જુદી પ્રવૃત્તિઓ પણ શુદ્ધ ધાર્મિક દૃષ્ટિને ખ્યાલમાં રાખી યોજાશે. ઉપરાંત, આ આંતરરાષ્ટ્રીય કેન્દ્ર મહારાષ્ટ્ર રાજ્યની વિશેષતા રૂપે ઊભું થાય છે. મહારાષ્ટ્રના સંતોની ધર્મભાવના અને છત્રપતિ શિવાજી મહારાજની એકરાષ્ટ્ર અને લોકશાહીની અહિંસક પદ્ધતિ પણ આ કેન્દ્રને અનોખી શક્તિ પૂરી પાડશે.



## ૮

## મહાવીરનગરમાં સ્થિરવાસ અને કાળધર્મ પામ્યા

પૂ. સંતબાલજી, ચિંચણ મહાવીરનગરમાં ઈ.સ. ૧૯૭૦ માં સ્થિરવાસ માટે પધાર્યા. મહાવીરનગરને આંતરરાષ્ટ્રીય કેન્દ્ર બનાવવા અને તેઓની કલ્પના મુજબના ચાર વિભાગો ખૂબ પ્રગતિ સાધે તે માટેની અનેકવિધ પ્રવૃત્તિઓ તેઓએ શરૂ કરી.

ઈ.સ. ૧૯૭૦ થી ઈ.સ. ૧૯૮૨ સુધીનો એ સમયગાળો એમની વિવિધ પ્રવૃત્તિઓથી ખૂબજ ધબકતો બની રહ્યો હતો. સમાજના બધા ક્ષેત્રોમાંથી લોકોનો - આગેવાનોનો, રાજકીય નેતાઓનો પ્રવાહ ચિંચણના એ પુણ્યપવિત્ર ભૂમિમાં એકઠો થતો હતો અને અપાર ઉમંગ અને ઉત્સાહથી પૂ. સંતબાલજી પ્રેરણા અને માર્ગદર્શન પૂરું પાડતા હતા. ઈ.સ. ૧૯૭૨ ની સાલમાં, સંતસેવક સમુદ્યમ પરિષદ તથા સાધુ-સાધ્વી શિબિરો યોજી. સાધુ-સાધ્વીઓ પણ સતત આવતા રહેતા હતા. અનેક રચનાત્મક કાર્યકરો અને લોકસેવકો વિવિધ કાર્યોની રૂપરેખા સાથે સક્રિયપણે કાર્યક્રમ આગળ ધપાવવા સંગીન સાથ સહકાર આપી રહ્યા હતા.

પૂ. શ્રી ઉપવાસ, જાપ, સાધના વગેરેથી વિશુદ્ધિ માટેનો પ્રયોગ પણ કરતા હતા. મહામુનિ સંતબાલજીના વિચારો વધુ ને વધુ ઉચ્ચ ભૂમિકા ધારણા કરતા જતા હતા. દિવસ દરમિયાનની બધી જ પ્રવૃત્તિઓ એકસરખી રીતે થતી હતી.



સવાર અને સાંજની પ્રાર્થના-પ્રવચન-સ્વાધ્યાય-લોકસંપર્ક વગેરેથી સહુ કોઈને અપાર લાભ મળતો હતો.

પરંતુ ૨૫ મી ફેબ્રુઆરી ૧૯૮૨ ના રોજ એમની તબિયત બગડી. જમણા હાથે અને જમણા પગે લકવાની અસર થઈ. તેઓ હસતા હતા પણ બોલી શકતા ન હતા. પ્રાથમિક સારવાર ચિંચણમાં આપી, વધુ સારવાર માટે મુંબઈની શ્રી હરકિસનદાસ હોસ્પિટલમાં દાખલ કર્યા. તબિયતમાં સુધારો થવા લાગ્યો હતો. અનેક લોકોએ તેમની શારીરિક સુખાકારી માટે પ્રાર્થના કરી.

દેશ-વિદેશથી શુભ સંદેશાઓ, તેઓના દીર્ઘાયુ માટેની પ્રાર્થનાનો જાણે કે વરસાદ વરસ્યો.

આ બધું હતું છતાં તા. ૨૬-૩-૧૯૮૨ (ગુડી પડવો) ના દિવસે તેઓશ્રી, મુંબઈની હરકિસન હૉસ્પિટલમાં કાળધર્મ પામ્યા. જાહેર જનતાને અંતિમ દર્શન માટે તેમનો પાર્થિવ દેહ ઘાટકોપરના હિંગવાલા લેન ખાતેના જૈન ઉપાશ્રયમાં રાખવામાં આવ્યો અને ત્યાં જ મોરારજી દેસાઈના પ્રમુખસ્થાને ગુણાનુવાદ - શ્રદ્ધાંજલિ સભા યોજી. તેમના દેહને મુંબઈથી ચિંચણ લાવવામાં આવેલ. ત્યાં તેમની પાલખી ઉપાડનાર ચાર બ્રહ્મચારિણી સાધક બહેનો હતી. ૐ મૈયાના આ આરાધકની અંતિમ વિધિમાં માતૃજાતિને આ રીતે મહાન પ્રતિષ્ઠા મળી. તા. ૨૭-૩-૮૨ ના રોજ ચિંચણની એમને પ્રિય ભૂમિ પર દરિયાકિનારે અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા. વિશ્વ વાત્સલ્યનો આદર્શ વિશ્વભરમાં દેશે દેશમાં જીવંત રહો એ એમનો અંતિમ સંદેશ છે.

ગુજરાતના આ વિરલ સંત તો વિશ્વસંત તરીકે અજર અને અમર બની ગયા છે. 'आत्मानं हिताय, सर्वजनसुखाय' એમણે જીવનભર કરેલી પ્રવૃત્તિઓમાંથી આપણે પણ પ્રેરણા લઈ જીવનને ધન્ય બનાવીએ એવી શુભ ભાવના સાથે તેઓને વંદન-વંદન.

૯

## સંતબાલજીની કવિતા

સંતબાલજીએ થોડાક યાદગાર કાવ્યો રચ્યા છે અને પોતાની કવિત્વશક્તિનો સરસ પરિચય કરાવ્યો છે. એમના કાવ્યોમાં એમની પ્રિયભાવનાઓ સ્પષ્ટ રીતે પ્રતિબિંબિત થઈ છે. સામાન્ય રીતે એમ કહેવાય છે કે લાગણી જ્યારે તીવ્રરૂપે પ્રગટ થવા ઈચ્છે ત્યારે કવિતાનું રૂપ લઈ લે છે. કવિતા એ હૃદયનો ઉદ્ગાર છે, સંયોગીકરણનો વ્યાપાર છે. પૂ. શ્રી પોતાની કાવ્યરચના વિશે લખે છે :

''કાવ્યો પૈકીનો મોટોભાગ મારા રણાપુરના સમૌન એકાંતવાસમાં લખાયો છે. તે સમયના કાષ્ઠમૌનમાં જે કાંઈ લખાતું, તેમાં એક પ્રકારનું કુદરતમય જીવનનું ઓજસ હતું. આજે પણ જ્યારે એ દિવસો યાદ કરું છું ત્યારે એક અવનવો રોમાંચ ખડો થાય છે. જગતના બધા બાહ્યપ્રવાહોથી સાવ અલિપ્ત થઈને, જગતના આંતરપ્રવાહોની મસ્તીમાં લીન થઈને જે રસ માણવા મળતો તેના આ કાવ્યમાં છાંટણાં જણાયા વિના નહીં રહે.'' અહીં એમના વિશેષ જાણીતાં ચાર કાવ્યોનો રસાસ્વાદ માણીએ.



૧. કૂચગીત -

પગલે પગલે સાવધ રહીને પ્રેમળતા પ્રગટાવ્યે જા,
અંતરના અજવાળે વીરા પંથ તારો કાપ્યે જા,
તું દુર્ગમ પંથ કાપ્યે જા,
પંથ તારો કાપ્યે જા.... (પગલે)
કાંટા આવે કંકર આવે ધોમધખતી રેતી આવે,
ખાંડાની ધારે ને ધારે ધૈર્ય ધારી ચાલ્યો જા,
તું ભેખધારી ચાલ્યો જા,
તું શૌર્યધારી ચાલ્યો જા.... (પગલે)
હિંમત તારી ખોતો ના, સ્વાર્થ સામે જોતો ના
શિસ્ત શાંતિને સુલેહનો પાઠ
સૌને આપ્યે જા
તું દુર્ગમ પંથ કાપ્યે જા.... (પગલે)

**સાર :** આ કૂચગીતમાં કવિ સંતબાલજી, યુવાનને કૂચ કરવાની - જીવનમાં પ્રગતિ સાધવાની ઉત્તમ રીતે દર્શાવે છે. તેઓ લખે છે તે મુજબ ડગલે પગલે જાગૃત રહીને પ્રેમનો પ્રકાશ પાથરતા રહેવાનું કહે છે. બીજા કોઈનો સાથ મળે કે ન મળે, તારા અંતરના અજવાળે તું પંથ પર ચાલ્યો જજે તો અચૂક પ્રગતિ થશે. તારા વિકાસના માર્ગમાં ગમે તેટલાં વિઘ્નો કે મુશ્કેલીઓ આવે તેનાથી ડરી જવાને બદલે કે નિરાશ થઈને કાર્ય છોડી દેવાને બદલે ધીરજથી આગળ વધજે. ગમે તેવા સંકટોમાં પણ હિંમત ગુમાવીશ નહીં કે તારા સ્વાર્થનો વિચાર કરવાને બદલે, લાભનો વિચાર કરવાને બદલે, સહુ કોઈને શિસ્ત, શાંતિ અને મૈત્રીના ઉમદા

ભાવો સમજાવતા - સહુની સાથે સ્નેહમય સહચારથી જીવવાનું સૂચવે છે. આ પ્રેરણાગીત ખૂબ સરળ શૈલીમાં લખાયું છે, કોઈને પણ પ્રિય થઈ પડે તેવું છે.

૨. સાતવારની પ્રાર્થના -

(૧) સોમવાર - રામ

પવિત્ર ફરજે સત્તા ત્યાગી, આદર્શો સુંદર આપ્યા,
જ્ઞાનશૌર્યની પ્રાપ્તિ સાથે, સ્ત્રીશૂદ્રો પશુઓ તાર્યા;
એકપત્નીવ્રત પૂરણ પાળ્યું, ટેક વણી છે જીવતરમાં,
એવા રામનું સ્મરણ કરીએ, જે ભારતભરમાં વ્યાપ્યા.

(૨) મંગળવાર - મહાવીર

ચંડકોશી ઝેર વમે ત્યાં, વીરે તો અમૃત પીરસ્યું,
યુવા નારીના સ્પર્શો જીરવી, શુચિવાત્સલ્ય પ્રભુનું વિકસ્યું.
શૂળો બે કાને ભોંકાણી, તોપણ મહાવીર શાંત રહ્યા,
ગજસુકુમાર શિર આગ ચંપાઈ, તોય ન ક્રોધી લગાર બન્યા.
એવો નિર્ભય અભય બનીને, પ્રેમી અક્રોધી વીર બનું
નમ્રપણે વીતરાગ પ્રભુના ચરણે સમતા ક્ષમા ગ્રહું.

(૩) બુધવાર - બુદ્ધ

પ્રાણીમાત્રમાં વેર તજીને કરુણા હૃદયે ધરનાર,
રોગ જરા ને મૃત્યુ જોઈ, સુત વિત દારા તજનારા;
મોહમાયાનો ત્યાગ કરીને, સન્યસ્તને આચરનારા,
મધ્યમમાર્ગી બુદ્ધ પ્રભુજી, સ્વીકારજો વંદન પ્યારા.



(૪) ગુરુવાર - કૃષ્ણ

સમતા કાર્યકુશળતા સેવી આસક્તિ ફળની ત્યાગી,
અન્યાયે પડકાર કરાવી, ન્યાયપ્રતિષ્ઠા અર્પાવી;
કુરુક્ષેત્રમાં ગીતા સુણાવી, સર્વજીવોને હિતકારી,
એવા યોગી કૃષ્ણ પ્રભુના, ચરણો જાઉં જીવન વારી.

(૫) શુક્રવાર - મહમ્મદ સાહેબ

માતૃચરણે સ્વર્ગ વસે છે, ગુલામને મુક્તિ દેજો,
વ્યાજ ત્યાગ કરી માનવકષ્ટે, સહાયનો લહાવો લેજો;
ભ્રાતૃભાવે ઈમાનદારીથી વિશ્વાસુ સહુના બનજો,
હજરત મહંમદ પયગંબરની, આ શિખામણ ઉર ધરજો.

(૬) શનિવાર - અશો જરથુષ્ટ

શસ્ત્રો છોડી એક મંચ પર, રાષ્ટ્રે રાષ્ટ્રો એક થજો,
રાષ્ટ્રભક્તિના પાઠ ભણો ને વિશ્વશાંતિનું ધ્યેય હજો;
પવિત્ર વિચાર વાણી વર્તને ગુપ્ત સખાવત દિલ ભરજો,
જરથોસ્તીના ધર્મગુરુની આ શીખ સૌ હૈયે ધરજો.

(૭) રવિવાર - ઈશુ

મૃત્યુ સમયે પણ માફી પ્રાર્થી પતિતોને પાવન થાવા,
ધર્મમૂળ નીતિને ચીંધી, વિશ્વજનો ભેગા મળવા;
પ્રેમપ્રભુના પુત્ર બનીને નૈતિક બ્રહ્મચર્યને વરવા,
એવા ઈશુને સ્મરીએ સ્નેહે સેવાભાવ જગે ભરવા.

**સાર :** સાતવારની આ પ્રાર્થના સંતબાલજીના, બધા ધર્મો માટેના આદરનું - સ્નેહનું ઉત્તમ પ્રતીક છે. ગુજરાત - સૌરાષ્ટ્રમાં અને વિહારમાં સર્વ સ્થળે તેઓએ જાહેર સમૂહપ્રાર્થનાનો અનોખો પ્રયોગ કરી લોકોના હૃદય પર અનોખું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. સપ્તાહના પ્રત્યેક વારે - દિવસે અને રાતની પ્રાર્થનામાં એક એક વિભૂતિનું પાવનસ્મરણ સહુ કોઈને અનેરો આનંદ અને આધ્યાત્મિક પ્રાપ્તિની સાથે ઉદારતા તથા સર્વધર્મસમભાવ - આદરભાવ માટેની ઉત્કટ ભાવના પ્રગટ કરે છે. સરળ - મધુર કાવ્યભાષાને કારણે સહુ કોઈને પ્રિય થઈ પડે તેવી આ રચના છે.

**૩. સર્વધર્મના સંસ્થાપકો -**

પ્રાણીમાત્રને રક્ષણ આપ્યું, માન્યા પોતા સમ સહુને,
પૂર્ણ અહિંસા આચરનારા, નમન તપસ્વી મહાવીરને.
જનસેવાના પાઠ શિખવ્યા, મધ્યમમાર્ગ બતાવીને,
સન્યાસીનો ધર્મ ઉજાળ્યો, વંદન કરીએ બુદ્ધ તને
એકપત્ની વ્રત પૂરણ પાળ્યું, ટેક વણી છે જીવતરમાં,
ન્યાયનીતિમય રામ રહેજો સદા અમારા અંતરમાં.
સઘળાં કામો કર્યા છતાં જે રહ્યા હંમેશાં નિર્લેપી,
એવા યોગી કૃષ્ણપ્રભુમાં રહેજો અમ મનડા ખૂંપી.
પ્રેમરૂપ પ્રભુપુત્ર ઈશુ જે, ક્ષમાસિંધુને વંદન હો,
રહમનેકીના પરમપ્રચારક હજરતમહમ્મદ દિલે રહો.
જરથોષ્ટ્રીના ધર્મગુરુની પવિત્રતા ઘટમાં જાગો,
સર્વધર્મ સંસ્થાપક સ્મરણો વિશ્વશાંતિમાં ખપ લાગો.



**સાર :** પૂ. સંતબાલજીએ આ કાવ્યમાં ખૂબ સંક્ષેપમાં સચોટતાથી સર્વધર્મના સંસ્થાપકોને વંદન તો કર્યા છે, પરંતુ આ સર્વધર્મ સંસ્થાપકના સ્મરણો એક દેશ અને બીજા દેશના માનવ-માનવ વચ્ચે શાંતિ સ્થાપવા માટે જ નહીં, વિશ્વની માનવજાત માટે શાંતિનો શુભ સંદેશ આપવાની વિશિષ્ટ ક્ષમતા ધરાવે છે. આજના અશાંત જગતને શાંતિનો શુભ સંદેશ આપવાની તાકાત આ કાવ્યમાં છે.

**૪. આત્મચિંતન -**

(સવૈયા એકત્રીસા)

ધર્મ અમારો એકમાત્ર એ 'સર્વધર્મ સેવા' કરવી,
ધ્યેય અમારું છે વત્સલતા વિશ્વમહીં એને ભરવી.
'સકળ જગતની બની જનેતા વત્સલતા સહુમાં રેડું'
એ જ ભાવનાના અનુયાયી બનવાનું સહુને તેડું. - ૧

નાતજાતના ભેદ અમોને લેશ નથી કંઈ આભડતા,
દેશવેશના શિષ્ટાચારો વિકાસ માટે નહીં નડતા.
નિર્ભય બનીને જાનમાલની પરવા કદીએ નવ કરીએ,
અમ માલિકીની વસ્તુનો મૂઢ સ્વાર્થ પણ પરિહરીએ. - ૨

બ્રહ્મચર્યની જ્યોત જગાવી, સત્ય પ્રભુની મંદિરીએ,
જગસેવાને આંચ ન આવે એ વ્યવસાયો આચરીએ.
સદ્‌ગુણ સ્તુતિ કરીએ સહુની નિંદાથી ન્યારા રહીએ,
વ્યસનો તજીએ સદ્‌ગુણ સજીએ ટાપટીપ ખોટી તજીએ - ૩

ખાવું પીવું હરવું ફરવું સૂવું જાગવું ને વદવું,

સર્વ ક્રિયાઓ કરતાં પહેલાં પાપવિકારોથી ડરવું.
છતાં થાય ગફલત જે કંઈ તે ક્ષમા માગી હળવા થઈએ,
સર્વ ક્ષેત્રમાં રહીએ તો પણ આત્મભાન નહીં વિસ્મરીએ. - ૪

**સાર :** ગુજરાતી ભાષાના અમર કાવ્યોમાંનું એક પૂ. સંતબાલજીની કવિત્વ શક્તિએ રચેલું આ કાવ્યું છે. આ કાવ્ય તેઓની સર્વજન કલ્યાણની, જગસેવાની ભાવનાને તો વ્યક્ત કરે છે, ઉપરાંત માનવ તરીકે, માનવીએ કેવા ગુણો પ્રાપ્ત કરી માનવતાના ઉત્તમ ગુણોને પ્રાપ્ત કરી વ્યસનમુક્ત થવાનું, પાપથી પર રહેવાનું અને જગતના જીવમાત્રની ક્ષમા માંગી હળવા થવાનું વિશ્વમૈત્રી, વિશ્વમંગલ અને વિશ્વકલ્યાણની પ્રવૃત્તિ વિકસાવવાનું કહે છે.

કવિએ યોગ્ય રીતે પ્રથમ પંક્તિમાં જ આદર્શ વ્યક્ત કર્યો છે, ‘સર્વધર્મ સેવા’ ! આધુનિક અશાંત વિશ્વમાં ધર્મને નામે જે ભયંકર તાંડવ ખેલાઈ રહ્યું છે, માનવ-માનવ વચ્ચે ધર્માંધતાની ઊંડી ખાઈ ખોદાઈ રહી છે અને માનવીની ક્રૂરહિંસા થઈ રહી છે તેને બદલે પૂજ્યશ્રીનો આ ‘સર્વધર્મ સેવા’ નો મર્મ સ્વીકારી જીવનમાં ધર્મને સ્થાન આપવામાં આવે તો પરમશાંતિ પ્રાપ્ત થાય.

વિશ્વ એટલે જગત અને વાત્સલ્ય એટલે માતૃભાવ - જગત સાથે માતૃભાવનો અનુભવ કરવો એનું નામ વિશ્વવાત્સલ્ય. જ્યાં વાત્સલ્ય છે ત્યાં સેવા સહજભાવે છે જ. ઉપરાંત, વાત્સલ્યમાં હિંસાના અભાવ સાથે વિશુદ્ધ પ્રેમનો સદ્‌ભાવ પણ આવી જાય છે.

‘સકળ જગતની બની જનેતા વત્સલતા સહુમાં રેડું’ - કવિએ સર્જેલી આ કાવ્યપંક્તિ ગુજરાતી ભાષાનું ગૌરવ છે, અમૂલ્ય આભૂષણ છે. પૂ. સંતબાલજીની જીવનભાવના આ પંક્તિમાં સુપેરે વ્યક્ત થઈ છે. કવિના સુકુમાર હૃદયભાવોને



અનોખી વાચા પ્રાપ્ત થઈ છે.

વિશ્વસંત સંતબાલજી આ કાવ્યમાં કેવા ઉમદા વ્રતોનું વ્યક્તિએ પાલન કરવું જોઈએ તે વર્ણવી માનવતાનું મંગલગાન ગાય છે અને જનસામાન્યને તથા સાધકને અનોખી દશા અને દિશા દર્શાવે છે.

નાતજાત કે ધર્મના, દેશ કે વિદેશના કશા જ ભેદભાવ વિના વિશ્વનો કોઈપણ માનવી, ઉત્તમ ગુણોથી સભર જીવન જીવી શકે તે માટેનો જાણે કે અહીં આલેખ દોરી આપ્યો છે.

સર્વથા સૌ સુખી થાઓ,
સમતા સૌ સમાચરો,
સર્વત્ર દિવ્યતા વ્યાપો,
સર્વત્ર શાંતિ વિસ્તરો.

સંત અહીં સર્વને સુખી થવાની અભિલાષા પ્રગટ કરવાની સાથે જીવનમાં સમતાભાવ કેળવાય તેવી ભાવના સાથે દિવ્યતા અને શાંતિ પરમ વિસ્તારને પ્રાપ્ત થાય એ પ્રાર્થે છે.

સાદા - સીધા શબ્દોમાં એક મહાન આત્માના ચિંતનની અનોખી કાવ્ય પ્રસાદી આપણને સહુને પ્રાપ્ત થઈ છે એમ કહેવું ઉચિત છે.

## ૧૦ પૂ. સંતબાલજીના જીવનના પ્રેરક પ્રસંગો

વિશ્વવાત્સલ્યના આરાધક, ધર્મમય સમાજરચનાના પ્રયોગકાર, સર્વધર્મઉપાસનાના સાધક, આધ્યાત્મિક ચિંતક, વિદ્વાન સાહિત્યકાર, ક્રાંતિકારક સંતના જીવનના અનેક પ્રસંગો આપણા સહુ માટે પ્રેરણાદાયક બની રહ્યા છે. તેઓના જીવનના ધન્ય પ્રસંગો કોઈ એક દેશ કે પ્રજાના માનવી માટે નહીં પણ વિશ્વની સમગ્ર માનવજાત માટે મહાન ઉપકારક બની રહે તેવા છે. આપણે એમના જીવનમાંથી પ્રેરણાના પીયૂષપાન કરી, આપણા જીવનને ધન્ય બનાવીએ.

**(૧) બહેન કહી, ચૂંદડી ઓઢાડી :-**

શિવલાલ ૧૩ વર્ષની વયે મુંબઈ કમાવા નીકળી ગયા હતા. મુંબઈમાં તેમની ઉત્તરોત્તર પ્રગતિ થવા લાગી. આરંભના સંઘર્ષ પછી આર્થિક પાસું સમૃદ્ધ થયું. વતનમાં માતાને પૈસા પણ મોકલવા લાગ્યા હતા. તેથી બધાને આનંદ થતો હતો.



પરંતુ ટોળગામની ભજનમંડળીમાં બનેલ એક પ્રસંગે મોતીબાને શિવલાલની સગાઈ ઝડપથી કરવા માટે ફરજ પાડી. ટોળ ગામના ઈમામ સાહેબ અલીશાહની આસપાસના ગામમાં જ્યોતિષી તરીકે (નજૂમી) તરીકે સારી ખ્યાતિ હતી. લોકો તેમની પાસેથી પોતાનું ભવિષ્ય જાણવા ઉત્સુક રહેતા. અન્ય લોકોની જેમ એક સમયે મોતીબાએ ઈમામસાહેબને પ્રશ્ન પૂછ્યો,

‘‘અલીશા ! મારા શિવાનું તો કંઈ કહો ?’’

‘‘અરે બહેન ! તારા શિવાનું તો શું કહેવાનું હોય ? એ તો ખૂબ કિસ્મતવાળો છે, ભાગ્યશાળી છે.’’

‘‘જો જોગી થાય તો કંઈકના ધરમ અજવાળે અને જો લખપતિ થાય તો કંઈકના દળદર ટાળે.’’

મોતીબા આ સાંભળી ખુશ થયા, પરંતુ શિવાને જતી થતો અટકાવવા એને સંસારમાં વળગાડી દેવાનું મોતીબાએ નક્કી કરી લીધું.

એ સમયે દીકરા-દીકરીની સગાઈ મા-બાપ નક્કી કરતાં. તેથી મોતીબાએ શિવલાલને પૂછ્યા વિના જ તેમનું વેવિશાળ કરી નાખ્યું. શિવલાલને જ્યારે આ હકીકત જાણવા મળી ત્યારે તેને મોતીબાનો આ નિર્ણય ઉતાવળિયો લાગ્યો, પરંતુ બાનો એ નિર્ણય સ્વીકારી લઈ, લગ્ન મોડા થાય તે માટેના પ્રયત્નો ચાલુ રાખ્યા.

નાનીબેન મણિબહેનના લગ્ન શિવલાલે ખૂબ ધામધૂમથી કર્યા. બાને ખૂબ ખુશ કર્યા. શિવલાલની મુંબઈની જિંદગી સારી રીતે પ્રગતિ કરી રહી હતી અને દેશવ્યાપી રાષ્ટ્રીય પ્રવાહોની તેમના પર તીવ્ર અસર થઈ. ખાદી પહેરવાનો આરંભ કર્યો અને જીવનનું ધ્યેય શું હોઈ શકે તેના વિચારો આવવા લાગ્યા. ધર્મ એ જીવનનું સમર્પણ માગે છે, ત્યાગ માગે છે વ્યાપક ધર્મભાવનાથી પ્રેરાયેલ વાંચન-પ્રવચનશ્રવણ વગેરે પ્રવૃત્તિ વધવા લાગી.

શિવલાલને મારવાડી સંત સૌભાગ્યમલજી મહારાજ તથા મુનિ શ્રી નાનચંદ્રજી મહારાજનો સમાગમ થયો. તેઓશ્રીના સમાગમે, શિવલાલમાં વૈરાગ્યભાવના જાગ્રત બની. ઉત્તરોત્તર દીક્ષા લેવાના ભાવો વિકસતા ગયા.

બીજી બાજુ વતનમાં એકલા રહેતા મોતીબાની તબિયત બગડી. મુંબઈમાં સારવાર કરાવી અને તબિયત સુધરતા વતનમાં પરત થયા, પરંતુ મોતીબા લાંબુ જીવી ન શક્યા. મોતીબાનો સ્વર્ગવાસ થયો. બાના અવસાન પછી શિવલાલનો દીક્ષા લેવાનો દૃઢ નિર્ણય થયો.

મોસાળની અને કાકા-દાદાની રજા મેળવી લીધા પછી શિવલાલનું જેની સાથે વેવિશાળ થયું હતું એ બાળાની રજા લેવા ગયા. શિવલાલ એ બાળાને ઘેર ચૂંદડી (સાડી) સાથે લઈને ગયા. શિવલાલે કહ્યું, 'મારી ભાવના વીતરાગમાર્ગમાં પ્રવેશ કરવાની છે. (દીક્ષા લેવાની છે) એટલે આપ સૌની રજા લેવા આવ્યો છું.' બધાએ વાત સાંભળી લીધી.

થોડીવાર મૌન રહ્યા પછી શિવલાલે એ બાળાને કહ્યું, ''મારી ઈચ્છા દીક્ષા લેવાની છે. જો એ માર્ગે તમારે આવવું હોય તો સંતો તમને મદદ કરશે. જો સંસારના માર્ગે જવું હોય તો ભાઈ તરીકે મારા આશીર્વાદ અને શુભેચ્છા છે.'' આટલું કહી, શિવલાલે દિવાળીબહેનને વીરપસલીની સાડી ભેટ આપી અને બહેને ગોળની ગાંગડી ખવડાવી, વીતરાગના પંથે વિચરવાની શુભેચ્છા પાઠવી.

**(૨) શતાવધાનીએ અવધાનના પ્રયોગો બંધ કર્યા :-**

શિવલાલે દીક્ષા લીધી. પૂ. ગુરુદેવ નાનચંદ્રજીએ તેઓનું 'સૌભાગ્યચંદ્ર' નામ રાખ્યું, ઉપરાંત શુભચંદ્ર તરીકે પણ ઘણીવાર ગુરુદેવ એમને સંબોધન કરતા હતા.



એક સાથે એક કરતાં વધુ વસ્તુને સ્મૃતિમાં ધારણ કરવી, યાદ રાખવી એને 'અવધાન' કહે છે. મુનિ સૌભાગ્યચંદ્રજીમાં નાનપણથી ઘણી વસ્તુ યાદ રાખવાની કુદરતી શક્તિ હતી. તેઓને અવધાનના પ્રયોગો કરવાની ઈચ્છા થઈ. આરંભમાં આઠ, પછી પચીસ-પાંત્રીસ અને શતાવધાન (એકસો) સુધી પ્રયોગો કરવાની તીવ્ર ઈચ્છા થઈ. ઈ.સ. ૧૯૩૩ માં અજમેર મુકામે અવધાન પ્રયોગો ગોઠવાયા. એમની સ્મૃતિ વગેરે જોઈને પંડિતો ચકિત થઈ ગયા. તેઓએ મુનિ સૌભાગ્યને ભારતરત્નની પદવી આપી. તે પછી અમદાવાદ પણ પ્રયોગો ગોઠવાયા.

નાસિકમાં અવધાનના પ્રયોગો કર્યા ત્યારે જાણે કે તેમને પ્રતીતિ થઈ કે આનાથી એક બાજુ ચમત્કાર જેવી લોકલાગણી ઊભી થાય છે અને બીજી બાજુથી લોકેષણાના વમળમાં ઘસડાઈ જવાય છે. આ કંઈ સાચી સાધના નથી એવું એમને લાગ્યું, ઉપરાંત તેમણે અનુભવ્યું, 'આવી સિદ્ધિથી લોકો આકર્ષાય ખરા પણ તેથી કાંઈ તેમનું હિત થયું ન ગણાય. લોકોની બુદ્ધિને આંજી શકાય ખરી પણ તેથી કાંઈ તેમના દિલ જીત્યાં ન કહેવાય.' તેમણે નિર્ણય કર્યો કે 'આજથી અવધાનના પ્રયોગો બંધ.' તે દિવસથી તેમણે આ પ્રયોગો બંધ કરી દીધા. તેમણે સહુને કહ્યું, ''આ કોઈ ચમત્કાર નથી કે નથી કોઈ જાદુ. આ તો કેવળ બુદ્ધિની કરામત છે, કસરત છે. મનની તાલીમ છે. એની પાછળ પડનાર કોઈપણ એ કેળવી શકે છે.'' આ રીતે તેઓએ જનમાનસને કેન્દ્રમાં રાખી અવધાનના પ્રયોગોનો કાયમ માટે ત્યાગ કરી, સંતની સાચી શક્તિ કેવી રીતે કલ્યાણકારક બની રહે તે દર્શાવ્યું.

**૩. સંતના સ્મરણ જ દિવ્ય સુધારૂપ છે :-**

સંતના દેહની નિર્મળ છાયા સકળ સંતાપને નિવારવા માટે પર્યાપ્ત છે. નળસરોવરમાં શિયાળાની મોસમમાં પરદેશથી રંગબેરંગી પક્ષીઓ આવે છે.

શિકારના શોખીનો આ પક્ષીઓનો શિકાર કરે છે. પૂ. સંતબાલજીએ લોકોની પરિષદ બોલાવી કહ્યું કે નળસરોવરમાં નિર્દોષ પક્ષીઓનો શિકાર કરવામાં જે વ્યર્થ હિંસા થાય છે તે અટકાવવી જોઈએ. લોકપાલ પટેલોને આ વિચાર ગમી ગયો અને શિકાર ન કરવા કે ન કરવા દેવા નક્કી કર્યું.

પરંતુ ટૂંક સમયમાં જ તેઓની કસોટી થાય તેવી પરિસ્થિતિ સર્જાઈ. અમદાવાદના ડ્યુ નામના અંગ્રેજ જિલ્લા કલેક્ટર અને તેમના મહેમાનો નળસરોવરના પક્ષીઓનો શિકાર કરવા આવ્યા હતા. બંદૂકના ધડાકાના અવાજ સાંભળી પૂ. સંતબાલજી કલેક્ટર પાસે પહોંચી ગયા અને સમજાવ્યું કે માત્ર શિકારના શોખ માટે આ નિર્દોષ પક્ષીઓની હત્યા થઈ રહી છે તે અયોગ્ય છે. અંગ્રેજ રાજ્યના ગોરા અમલદાર સામે આ વાત કહેવી એ ઘણી નીડરતા માંગી લેનારી હતી. દલીલો અને પ્રતિદલીલોને કારણે વાતાવરણ તંગ બની ગયું. કલેક્ટર સાથે આવેલા મહેમાનો તો આડેધડ શિકાર કર્યે જતા હતા, પરંતુ એક પણ પક્ષીનું મરણ થયું ન હતું.

ગામના લોકો આ જોઈને આશ્ચર્યચકિત થઈ ગયા અને પરસ્પર કહેવા લાગ્યા કે મહારાજે કોઈ ચમત્કાર કર્યો છે. તેથી પક્ષીઓ જીવી ગયા છે. સંતબાલજીએ કહ્યું કે તેમણે કોઈ ચમત્કાર કર્યો નથી, પરંતુ આડેધડ ગોળીબાર થયો તેથી પક્ષીઓને ગોળી વાગી નથી, બચી ગયા છે. લોકોએ આ વાત ન સ્વીકારી અને મહારાજ જાદુઈ શક્તિ ધરાવે છે તેવો પ્રચાર આરંભ્યો. પક્ષીઓનો શિકાર કરવાની પ્રથા બંધ થઈ તેનો સહુને આનંદ થયો.

**(૪) વિરમગામના કોલેરામાં સફાઈનું સેવાકામ :-**

ઈ.સ. ૧૯૪૫ નું (સં. ૨૦૦૧) નું પૂ. સંતબાલજીનું ચાતુર્માસ



વિરમગામમાં હતું. ગંદકીને કારણે વિરમગામમાં કોલેરા ફાટી નીકળ્યો હતો. સંતબાલજી દરરોજ સવારે ઝોળીમાં રાખ ભરી, ગામની શેરીએ શેરીએ અને પોળે પોળે ફરે છે અને જ્યાં જ્યાં ઉઘાડો મળ જુએ છે ત્યાં ઝોળીમાંથી રાખ કાઢી એ રાખથી મળને ઢાંકી દે છે. મહારાજશ્રીના મનમાં ભારે વેદના હતી. શહેરમાં ગંદકીનો પાર નહોતો. પાણી અને એંઠવાડના રેલા તથા મળમૂત્રની ગંદકીથી કોલેરા ફાટી નીકળ્યો હતો અને મરણપ્રમાણ વધતું જતું હતું.

સુધરાઈ તથા સરકારે સફાઈકામ શરૂ કર્યું ખરું પણ ગામની ગંદકી દૂર કરવા માટે એ પ્રયત્નો બહુ કામમાં આવે તેવા ન હતા.

મહારાજશ્રીએ ગામના લોકોને સમજાવ્યું કે રોગને દૂર કરવાની ચાવી કોલેરા વિરુદ્ધની રસી જ માત્ર નથી. ગંદકી દૂર કરવાથી આરોગ્ય સચવાશે. મહારાજશ્રીની વાતનો સ્વીકાર થયો અને સ્વયંસેવક દળની રચના થઈ. લોકોનો ઉત્સાહ વધતો ગયો. એ ૩૦૦ ઉપરની સંખ્યા થઈ. મહાન સફાઈયજ્ઞ જાણે કે શરૂ થયો. સંપૂર્ણ સ્વચ્છતાનું મહત્ત્વ લોકોને સમજાવ્યું. ગામ બહાર કોલેરાના દર્દીઓ માટે કામચલાઉ ઇસ્પિતાલ બનાવી. આ રીતે લોકોના આરોગ્યનું ખૂબ મહત્ત્વનું કામ તેઓએ ખૂબ ઉમંગથી - બધાના સહયોગથી સરસ રીતે પૂર્ણ કર્યું. ચાતુર્માસ પૂર્ણ થતાં વિરમગામના લોકોએ વિદાય સમારંભ યોજ્યો હતો. તેમાં બોલતાં તેઓએ કહ્યું, ''તેઓ આવા સન્માનને પાત્ર નથી. ખરું જોતાં આનો ખરો યશ તો ગાંધીજી જેવા સંતપુરુષને આપવો જોઈએ, કારણ કે પોતે જાહેર સેવાના પાઠો ગાંધીજી પાસેથી ભણ્યા હતા.'' પૂ. સંતબાલજીની અપાર નમ્રતા આ વાક્યોથી જાણી શકીએ છીએ.

**(૫) શુદ્ધિપ્રયોગની સફળતા :-**

પૂ. સંતબાલજી પગપાળા ગામેગામ ફરતા હતા. તેઓ જાણતા હતા કે ભારતનું હૃદય ગામડું છે. ગામડાની અવદશા જોઈને તેમને ખૂબ દુઃખ થતું હતું. શોષણ, વિખવાદ, અજ્ઞાન, વહેમ,ચોરી, અસ્વચ્છતા, અત્યાચાર, અસલામતી, અભાવ વગેરેથી ગામડાની બદસૂરત થઈ ગઈ હતી. તેઓનું અનુકંપાથી ભરેલું હૈયું દુઃખી થઈ ગયું, પરંતુ તેને સજીવન કરવા ભગીરથ પુરુષાર્થ આરંભ્યો. સ્વાવલંબન, સંપ, સંગઠન, વ્યસનમુક્તિ, સાચી ધાર્મિકતા વગેરે બાબતો સમજાવવાનો સફળ પ્રયોગ આરંભ્યો. તેમાંના એક શુદ્ધિપ્રયોગ ચોરી કરનારને કે ગુનેગારને કાયદાની કે ભયની દૃષ્ટિએ નહીં પણ વિશુદ્ધિ અને પ્રેમથી ગુનો કબૂલ કરાવી સન્માર્ગે વાળવો. આ માટે સ્નેહ, ઉદારતા, તપ, ભજન વગેરેનો ઉપયોગ કરવાનું શરૂ કર્યું.

સંતબાલજી એક નાના ગામમાં ચાતુર્માસ કરી રહ્યા હતા. એ ગામની બાજુના ગામમાં રહેતી એક વિધવા બાઈના ઘરમાં ચોરી થઈ. ચોરી કરનાર માથાભારે વ્યક્તિ હતી. તેથી કોઈ એનું નામ આપવા કે પોલીસ પણ મદદ કરવા તૈયાર ન હતી.

એ ગરીબ વિધવા બાઈ સંતબાલજીને મળી અને પોતાની મુશ્કેલી દર્શાવી. પૂ. શ્રીએ શુદ્ધિપ્રયોગ શરૂ કર્યો. તેમના સાથીદારોએ ભજન, ઉપવાસ વગેરેથી ગુનો કબૂલ કરાવવા પ્રવૃત્તિ કરી, પણ સફળતા ન મળી. પૂ. સંતબાલજી એ ગામમાં જાતે ગયા અને લોકોને કહ્યું, કે 'ચોરી માટે જવાબદાર માણસ આગળ આવીને કબૂલ નહીં કરે તો પોતે અનિશ્ચિત સમય માટે ઉપવાસ પર ઊતરશે.' આ જાહેરાતની ખૂબ સરસ અસર થઈ. બીજે દિવસે સવારે એક માણસ તે ગામના મુખીને મળ્યો



અને ચોરી કબૂલી અને કહ્યું કે ચોરીનો માલ તેણે વેચી નાખ્યો છે. મુખીએ આ ચોરને સંતબાલજી સમક્ષ હાજર કર્યો. પૂ. શ્રીએ તેને ધન્યવાદ આપ્યા અને પંચ નક્કી કરે તે રકમ, ચોરીના માલને બદલે વિધવા બાઈને ચૂકવી આપવાનું નક્કી થયું. પેલો માણસ આ રકમ ચૂકવી આપવા સંમત થયો. શુદ્ધિપ્રયોગથી ચોરીની આ કબૂલાત સહુને ગમી ગઈ. આવા બીજા શુદ્ધિપ્રયોગો પણ તેઓએ કર્યા હતા.

**(૬) 'રજા સિવાય અંદર આવવું નહીં' :-**

વડોદરાના એક છાત્રાલયના ગૃહપતિએ, મુનિશ્રીને વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપનું આમંત્રણ આપ્યું. બપોરના ૨.૩૦ કલાકનો સમય નક્કી કર્યો હતો. ગૃહપતિએ કહ્યું, ''સમયસર બોલાવવા આવીશ.'' પરંતુ મુનિશ્રીએ કહ્યું, ''ધક્કો ખાવાની જરૂર નથી, અમે સમયસર આવી જઈશું.'' તેઓ સાથીદારો સાથે છાત્રાલયે જવા નીકળ્યા. સમયસર છાત્રાલયના દરવાજે પહોંચ્યા. દરવાજો બંધ, બારી ઉઘાડી. મુનિશ્રી ત્યાં ઊભા રહ્યા. સાથીએ કહ્યું કે ચાલો અંદર જઈએ. મુનિશ્રીએ આંગળી ચીંધી, દરવાજા પરનું બોર્ડ બતાવ્યું. એમાં લખ્યું હતું, 'રજા સિવાય અંદર આવવું નહીં.' સાથીદારે કહ્યું કે આપણને તો નિમંત્રણ છે જ અને રજા લેવાની જરૂર લાગતી નથી, પરંતુ તેઓ સંમત ન થયા.

એટલામાં બારીમાંથી અંદરના ભાગમાં એક વિદ્યાર્થી ફરતો દેખાયો. તેથી સાથીદારે તેને બૂમ પાડી બોલાવ્યો અને વાત કરી. તે વિદ્યાર્થી ગૃહપતિને બોલાવવા દોડ્યો અને થોડી જ વારમાં ગૃહપતિ પણ આવી પહોંચ્યા અને તે પછી જ પૂ. સંતબાલજીએ છાત્રાલયમાં પ્રવેશ કર્યો !

**(૭) બીજાની રજા વિના વસ્તુ એટલે ચોરી :-**

પૂ. સંતબાલજી એક ગામથી બીજે ગામ પગપાળા વિહાર કરતા હતા.

શરીરે સાથ આપ્યો ત્યાં સુધી એમની આ વિહારયાત્રા ચાલુ રહી હતી. તેઓની વિહારયાત્રા દરમિયાન કોઈને કોઈ સાથે રહેતું અને વિહાર દરમિયાન ઘણા પ્રકારનું જ્ઞાન મેળવી શકતું.

આવી જ એક વિહારયાત્રા શ્રી છોટાલાલ મહેતા સાથેની હતી, તે પ્રસંગનું વર્ણન તેઓએ કર્યું છે. મહારાજશ્રી આગળ અને હું પાછળ હતો. ખેતરમાં પગકેડી. રસ્તામાં રાયણના ઝાડ નીચેથી આ પગકેડી પસાર થાય. માર્ગમાં પાકેલી રાયણ પડેલી જોઈ. જોઈને મને લેવાની લાલચ થઈ. લીધી, સાફ કરી અને મોંમાં મૂકી. ગળી, મીઠી મધ જેવી એ રાયણનો સ્વાદ યાદ રહી ગયો. ખાવાનો આનંદ લૂંટ્યો. મહારાજશ્રી થોડે દૂર આગળ ચાલતા ગયા. એમણે મેં રાયણ લીધી અને ખાધી એનો ખ્યાલ આવી ગયો હશે.

વિહાર પૂરો થયો. નજીકના ગામની રાત્રિ પ્રાર્થના પછીના પ્રવચનમાં તેમણે મારા રાયણ ખાવાના પ્રસંગથી શરૂઆત કરતાં કહ્યું,

''ખેતરની માલિકી બીજાની, રાયણનું ઝાડ પણ બીજાનું. ભલે કુદરતી રીતે એ નીચે પડેલી રાયણ હતી. પણ તે બીજાની રજા વિના લેવી એટલે એ ચોરી જ કહેવાય.''

કેવો યાદગાર પ્રસંગ ! ચોરીની કેવી સરસ સમજાવટ ! આપણી સંસ્કૃતિને આવા ઉત્તમ સંતો અને એમની આ ન્યાયસંપન્ન દૃષ્ટિ જ ઉગારી રહી છે.

**(૮) સમયપાલનનું મહત્ત્વ :-**

મુનિશ્રી સંતબાલજીના ઉમદા ગુણો સહુ કોઈએ સ્વીકારવા જેવા છે. સમયપાલનના તેઓ ચુસ્ત આગ્રહી હતા. એક દિવસ સવારની પ્રાર્થનાનો સમય થઈ ગયો. રોજ વહેલા ઊઠી, નિત્યક્રમ પતાવી બરાબર નિયત સમયે પ્રાર્થના માટે



પાટ પર બેસી જતા. તે દિવસે તેઓને ઉઠવામાં મોડું થયું. તેથી ઉઠીને તરત જ પ્રાર્થના શરૂ કરી દીધી.

પ્રાર્થના પૂરી કર્યા પછી પોતે મોડા ઉઠ્યા, ગફલત થઈ, અજાગૃતિ રહી, પ્રાર્થનામાં મોડા પડ્યા વગેરે અંગે થોડીક વાત કરી અને પશ્ચાત્તાપ વ્યક્ત કરી, પ્રાયશ્ચિત્ત તરીકે તે દિવસનો ઉપવાસ કર્યો.

(૯) શ્રી મનુભાઈ પંડિતના 'સંત પરમ હિતકારી' પુસ્તકમાંથી 'આરતીનો પ્રસંગ' અહીં વર્ણવું છું.

સને ૧૯૫૦ માં સંતબાલજી ભાલપ્રદેશના કાંઠે ગામમાં ચાતુર્માસ ગાળી રહ્યા હતા. નૂતન વર્ષનું મંગલપ્રભાત હતું. એ સમયે તેઓ પાટ પર બેસીને ધ્યાન ધરતા હતા.

આ વખતે એક વૃદ્ધ મહિલા આરતીનો દીવો લઈને સંતબાલજી પાસે આવી અને દીવેટો સળગાવીને સંતબાલજીની આરતી ઉતારવાનું શરૂ કર્યું. પોતે બરાબર સારી રીતે આરતી કરી શકે તે માટે સંતબાલજીને બહાર બોલાવ્યા અને જ્યારે પૂ. શ્રીએ આ જોયું ત્યારે તેમણે તે બાઈને આરતીનો દીવો બાજુ પર મૂકી ઓરડામાં આવવાનું કહ્યું. સંતે કહ્યું, ''આરતી માણસ સમક્ષ નહીં, પ્રભુ સમક્ષ કરવી જોઈએ.'' તે બાઈએ જવાબ આપ્યો કે તેણે ભગવાન જોયા નથી અને સંતબાલજી જ તેના ભગવાન છે, કારણ કે જ્યારથી તે પોતાના માંદા દીકરાને સંતબાલજીના આશીર્વાદ મેળવવા લઈ આવી ત્યારથી જ તેની તબિયત સુધરતી જાય છે. સંતે હસતા હસતા કહ્યું કે તેનો દીકરો તો કુદરતી રીતે સારો થઈ ગયો છે, સંતે તો (પોતે તો) એ છોકરાના આરોગ્ય માટે પ્રાર્થના સિવાય બીજું કાંઈ કર્યું નથી.

સંતબાલજીએ એ બાઈને આરતી કરતાં અટકાવી એટલું જ નહીં સાથીદારોને સંબોધીને કહ્યું કે, ''આ પ્રકારની પૂજા સ્વીકારવી તે અયોગ્ય છે. લોકોએ સદ્‌ગુણ ધરાવતી વ્યક્તિની નહીં પણ તેના સદ્‌ગુણોની કદર કરતાં શીખવું જોઈએ.''

**(૧૦) કરુણાસભર હૃદય :-**

પ્રધાન મુજબિર રહેમાનની તેમના કુટુંબ સાથે હત્યા કરવામાં આવી તે સમાચાર સાંભળી મુનિશ્રીએ ખૂબ દુઃખ અનુભવી એ દિવસે મૃત્યુ પામેલાઓના આત્માની શાંતિ અર્થે ઉપવાસ કર્યો. સર્વધર્મપ્રાર્થના સમયે મુનિશ્રીએ આર્દ્ર હૃદયે વ્યથાની અનુભૂતિ કરી.

**(૧૧) એક આદિવાસી કન્યાનો પત્ર :-**

સંતબાલજી તો રોજેરોજના પ્રવાસી ! સૂર્યના સથવારે યાત્રા કરનારા. પોતાના નક્કી થયેલ કાર્યક્રમ પ્રમાણે અચૂક પહોંચે જ. પછી વરસાદ હોય, વાવાઝોડાં હોય, ધોમધખતો તાપ હોય કે હિમ પડ્યું હોય. વલસાડ, પારડી, મુંબઈ વચ્ચે મુનિનો પાદવિહાર ચાલતો હતો. આદિવાસીના ઘાસીયા જમીનના પ્રશ્નોના ઉકેલ માટે મુનિશ્રી એક આદિવાસીને ત્યાં રોકાયા હતા.

થોડા વખત પછી જે આદિવાસી કુટુંબના મકાનની પડછીમાં તેઓ રોકાયા હતા તે ઘરની એક દીકરીએ પત્ર લખ્યો, એ પત્ર આવો હતો :-

'પરમપૂજ્ય મહારાજશ્રી

લિ. આપને યાદ કરનાર, આંખને પલકારે, અંતરને ધબકારે, પ્રેમના ઝરણે વિખૂટી પડનાર જંગલમાં વસનાર અને વૃક્ષની ઘટામાં સંતાયેલી ના પ્રણામ !

આપનો ભાવભર્યો પત્ર મળ્યો.



ઓ... હો... હો... હો ! પ્યારા મહારાજ તથા મણિભાઈને યાદ કરતાં આકાશમાંથી જાણે ગંગા ઊતરી હોય અને પ્રેમની અંજલિ છાંટી રહી છે ! પ્રભુની અચરજ કળા ! એવી જ રીતે વધુને વધુ પ્રેમ રખાવે ! એવી માડી સરસ્વતીને વંદુ છું.

મારી ઘણી જ બોલાવવાની ભાવના છે. આપને દરરોજ યાદ કરીને દર્શન કરીશ. માટે આપના ફોટો મોકલાવશો કે કેમ ? પત્રરૂપી દર્શન આપશો ત્યારે હું સંતુષ્ટ થઈશ...

લિ... ના પ્રણામ'

આ પત્ર વાંચતા મહારાજશ્રી અને તેમના સાથીદારો ખૂબ રાજી થયા. ઊર્મિમય, કાવ્યમય અને ભક્તિમય ભાવથી આ પત્ર ભરપૂર હતો. એક આદિવાસી કન્યાએ જૈન સાધુને શું લખાય તેની તેને કંઈ સમજ નહોતી. શબરીની જેમ તેણે ફોટાની માગણી કરી...

સંતના થોડા ઘણા સત્સંગથી નિર્મળ હૃદયી લોકોને કેવી અસર થાય છે, એ આ પત્રથી આપણે જોઈ શકીએ છીએ.

## ૧૧ પૂ.સંતબાલજીની રત્નકણિકાઓ

માનવીના યોગક્ષેમ અને કલ્યાણ માટે પૂ. સંતબાલજીએ ગદ્ય અને પદ્યમાં માંગલ્યકારક, પ્રેરણાદાયક સર્જન કર્યું છે. અભ્યાસીઓએ દર્શાવ્યું છે તેમ ૬૦ જેટલાં પુસ્તકોમાં તેઓનું સાહિત્યસર્જન ગ્રંથસ્થ થયું છે અને એવી પણ શક્યતા છે કે ઘણું હજી પ્રગટ પણ ન થઈ શક્યું હોય. રણાપુરના મૌનનિવાસથી આરંભ જીવનના અંતિમ શ્વાસ સુધી વૈવિધ્યસભર પ્રેરક સાહિત્ય સર્જકને આપણા સૌના વંદન. એમના સર્જનમાંથી પ્રાપ્ત થતી થોડીક રત્નકણિકાનો આપણે આનંદ માણીએ અને જીવનમાં એને આચરવાનો પુરુષાર્થ કરીએ એવી હાર્દિક શુભેચ્છાઓ.

(૧) વિકારને એક માત્ર વિશુદ્ધ પ્રેમ જ જીતી શકે.

(૨) પ્રતિજ્ઞાનું મૂલ્ય હૃદયની વીરતા સુધી છે.

(૩) મૌનની મોજ તો અનુભવી જ જાણે ! એક સપ્તાહ સાંગોપાંગ મૌન રહી જોનાર એના રસોદધિનું એક બિંદુય પામશે, પામશે જ.

(૪) સર્વાપણના બલિ ચડ્યા વિના શ્રદ્ધાના દ્વાર ખુલતાં નથી.



(૫) આત્માને ઓળખો એ એક જ મૈયાનું દ્વાર ખુલતાં નથી.

(૬) જેને આપણે બીજાની સેવા કહીએ છીએ, તે બીજાની સેવા નથી, પણ પોતાની સાધના છે.

(૭) જેમ દીવે દીવો પ્રગટે તેમ સાચા સાધકના જીવનનો ચેપ બીજા એમના વિશેષ સંપર્કમાં આવતા લોહીના અને વિચારના સ્વજનોને પણ લાગવા માંડે છે.

(૮) સાધકોનો વિકાસ મારો પ્રમોદ છે. સાધકોનું સૂક્ષ્મ પણ પતન મારું આંસુડું છે.

(૯) એકાગ્રતા અને સ્થિરતા એ જીવનના મહામૂલા બળો છે.

(૧૦) ભલે ઓછું વંચાય પણ મુદ્દાનું વંચાય. સત્સંગ ભલે ક્વચિત્ થાય પણ એનો રંગ બરાબર લાગી જાય તેવી નિખાલસતા અને નમ્રતા જરૂરી છે.

(૧૧) મનનું માને એ ધર્મી ન બની શકે, અંતઃકરણનું માને એ પાપી બની ન શકે.

(૧૨) માનસિક સ્થિતિને સમાન રાખશો, ન ડોલશો, ન કંપશો.

(૧૩) વડીલો આગળ, ગુરુજનો આગળ 'અહં' ઓગાળવો સહેલો છે. પણ શરૂઆત તો નારીથી કરવાની હોય છે. ઘરની શરૂઆત તે આનું નામ - પરંતુ ત્યાં જ કઠિનતા પારાવાર નડે છે.

(૧૪) સાધકે સર્વ વ્યાપાર અને સર્વ પરોપકારના કર્મો કરી જીવનનિર્વાહ કરવા છતાં કોઈપણ જીવને દુભવવો ન ઘટે.

(૧૫) બાળક ભાવસંસારમાં સકળ ભાવોની શિર ટોચે છે. જ્યાં જ્યાં બાળભાવના પ્રગટ થાય છે, ત્યાં ત્યાં ભગવાન દોરાઈ આવે છે. એક બાળભાવમાં

વિશ્વની સમગ્ર શક્તિ છે.

(૧૬) મનુષ્ય તરીકે જન્મવાની બહાદુરી નથી, પણ મનુષ્ય તરીકે જીવવામાં બહાદુરી છે. મનુષ્ય એટલે જ સમજણનો ભંડાર અને એ સમજણ કોરી નહીં, પણ જીવનના અણુએ અણુમાં વણાયેલી છે.

(૧૭) મનમાં ચાલી રહેલા વિચારોના ટ્રાફિકને સાક્ષીભાવે નિહાળ્યા કરીએ તો ઢગલાબંધ દોષોથી આપણે બચી જઈએ.

(૧૮) વિકાર એ આંખની હિંસા છે, ક્લેશ એ વાણીની હિંસા છે, દુષ્કાર્યો એ હાથની હિંસા છે પણ સર્વનાશ એ બુદ્ધિની હિંસા છે.

(૧૯) પંથ લાંબો છે, સમય અલ્પ છે, પગ ઉપાડો, કૂચ કરો.

(૨૦) કોઈપણ સંબંધને તિરસ્કારો નહીં, તજો નહીં, માત્ર શુદ્ધ કરો. કર્મને તજવા એ તમારું કાર્ય નથી. તમે કરી નહીં શકો છતાં કરવા જશો તો તમે ક્રિયા બંધ કરી શકશો, કર્મને બંધ નહીં કરી શકો.

(૨૧) કામના જ તમારી સર્વ મૂંઝવણોનું મુખ છે. વાસના જ તમારા સુખ દુઃખની જનની છે. તૃષ્ણા જ તમારા હિમાલય શા હૃદયમાં દાહ જગાવનારી આગ છે અને આશા જ તમારા સર્વ સંબંધોનું બીજ છે.

(૨૨) વિશુદ્ધ પ્રેમ કદી દેહ દ્વારા પ્રગટ કરી શકાય જ નહીં. વિશુદ્ધ પ્રેમ એ તો છે વાદળી જેવો કે જે ઊંચેરા આકાશમાં ચડી પછી વસુંધરા પર પથરાય છે.

(૨૩) દરેક ધર્મને તેના સ્થાને રહેવા દઈને આપણે તેમની વચ્ચે પ્રેમ અને શ્રદ્ધાના ભાવ સ્થાપવા માગીએ છીએ. તે તે ધર્મોના બાહ્ય સ્વરૂપમાં એકરૂપતા નહીં પણ એકતા આણવા માગીએ છીએ. ધર્મો વચ્ચે જે વિષમતા, વિભિન્નતા અને



તેના કારણે વૈર-વિરોધ છે તેને દૂર કરવા માગીએ છીએ - સર્વધર્મ સમભાવથી સ્વધર્મ ઉપાસના વડે.

(૨૪) વ્યક્તિ કે વ્યક્તિઓમાં સૂતેલો ધર્માંશ જાગીને સમાજમાં વહેતો થાય ત્યારે વ્યક્તિ તો ઊંચે જાય છે, પણ સાથેસાથે સમાજને અને ક્રમશઃ વિશ્વને ય ઊંચે લઈ જાય છે.

(૨૫) અજાગૃતિમાંથી જાગૃતિમાં જવા માટે કુદરત ઉપરની શ્રદ્ધા મુખ્ય સાધન બની શકે છે, પરંતુ નાહકની ચિંતા પહેલીવહેલી છૂટી જવી જોઈએ.

(૨૬) માણસે આંતરદૃષ્ટિથી જોવું જોઈએ... બીજા આગળ નકામા રોદણાં રડવાથી  પણ સમય નકામો વેડફાય છે, મનની નબળાઈ વધે અને લાભ કશો થતો નથી.

(૨૭) મોહના વિષના સ્થાને પ્રેમના પીયૂષ ભરો. બધા સંબંધો આપોઆપ દિવ્ય બનશે. બધા સ્થાનો અમરભવનો, બધાં કાર્યો રસવિકાસ અને સૌંદર્યથી સંપૂર્ણ બનશે.

(૨૮) યાદ રાખો. તમારા પંથમાં કષ્ટ અને ઉપસર્ગના કાંટાકાંકરા કરતાં પ્રલોભનોના લપસણા અધિક છે. પળે પળે ચેતતા રહો.

(૨૯) નિંદા ધર્મની અસ્પૃસ્ય છે.

(૩૦) વિશ્વબંધુતા અને નમ્રતા કેળવવી.

## વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘ અને મહાવીરનગર આંતરરાષ્ટ્રીય કેન્દ્ર ચિંચણીમાં ચાલતી પ્રવૃત્તિની નોંધ

- દર મહિને જરૂરતમંદ ગરીબ લોકોને રાહતભાવે ચોખા આપવામાં આવે છે.
- વિશ્વવાત્સલ્ય શ્રી નાનચંદ્રજી ઔષધાલયમાં દર્દીઓને દૈનિક તપાસીને દવા આપવામાં આવે છે. અમુક સમયે વ્યક્તિ પોતે સ્વસ્થ રહે તે માટે શિબિરોમાં જુદા-જુદા રોગ, તેના કારણો, ઔષધિઓનું જ્ઞાન મળે તેવો કાર્યક્રમ રાખવામાં આવે છે.
- વર્ષમાં એકવાર મોતીયા-મોતીબિંદુ અને કુલવેલ વગેરે રોગનું નિદાન કરી ૪૦ થી ૫૦ ગામોમાં તપાસીને નેત્ર ઓપરેશનના લેન્સ સાથે કેમ્પ થાય છે. આંખો તપાસીને નંબર પણ કાઢી આપવામાં આવે છે.
- દાંતના દર્દીઓને તપાસીને જરૂરી સારવાર દાંતના દવાખાનામાં કરવામાં આવે છે.
- ગીરની ગાયોનો ઉછેર કેન્દ્રની 'ગાંધી ગોકુળ ગૌશાળા' દ્વારા થાય છે. તેના છાણમૂત્રનો ઉપયોગ સજીવ ખેતીમાં કરવામાં આવે છે. ગૌમૂત્ર અર્ક બનાવીને વેચાણ કરવામાં આવે છે.
- દવાખાનામાં ભૃંગરાજ તેલ, ચ્યવનપ્રાશ તથા જુદા-જુદા રોગ સામે વ્યક્તિની પ્રતિકાર શક્તિ વૃદ્ધિ પામે તેના માટે અમૃત કાઢાનો પાવડર બનાવવામાં આવે છે અને તેનું વેચાણ થાય છે.
- જૈન સાધુ સાધ્વીના ચાતુર્માસ દરમિયાન તેમજ વર્ષના બીજા સમયમાં જીવનના નૈતિક મૂલ્યોની વૃદ્ધિ થાય તેવા પ્રવચનો, સ્વાધ્યાય તથા શિબિર વગેરેમાં જૈન



જૈનેતર ભાઈ-બહેનોને શ્રેય સંસ્કાર, સ્વાધ્યાય, સત્સંગ માટે આવકારવામાં આવે છે.

- મુનિશ્રી સંતબાલજીના ધર્મમય સમાજરચનાની ભાવના તથા કાર્યને આગળ વધારવા તેમની જન્મજયંતિ અનુબંધ વિચાર દિન, ગુડી પડવાના નિર્વાણ તિથિ તથા અન્ય ઉત્સવોની ઉજવણીમાં સ્થાનિક તથા બહારગામના ભાઈ બહેનો ભાગીદાર બને અને સર્વ ધર્મ સંભાવની વિચારધારા અપનાવી પરસ્પર ભ્રાતૃભાવ વિકસાવે ને વિશ્વવાત્સલ્યના આદર્શને આગળ વધારે તેવા કાર્યોની પ્રવૃત્તિ થાય છે. સવારના ૬.૩૦ કલાકે તથા રાત્રે ૮.૩૦ કલાકે નિયમિત સમૂહ પ્રાર્થના-વાંચન પણ થાય છે.
- દિવાળી પર નબળા વર્ગના લોકોને મીઠાઈ આપવામાં આવે છે.
- શાળાના બાળકોને નોટબુક આપવાનો કાર્યક્રમ કરવામાં આવે છે.
- સ્થાનિક સ્તરે ચિંચણીમાં તથા ગુંદી, રાણપુર, ટોળ સ્થળે શાળાના બાળકોને નોટબુકો, પેન્સિલ, કંપાસ વગેરે અપાય છે.
- કેન્દ્રમાં શ્રીમદ્ રાજચંદ્ર વિભાગ તથા ગાંધી વિભાગ દ્વારા આધ્યાત્મિક અને સમાજ ઉપયોગી 'સર્વોદય' શિબિરોનું આયોજન થાય છે.
- મહાવીરનગર કેન્દ્રમાં આંબા, ચીકુ, નાળિયેરી અને ઔષધિવનના કુદરતી રમણીય વાતાવરણ વચ્ચે આધ્યાત્મિક શિબિરાર્થીઓ માટે સાધક નિવાસો અને ભોજનાલય તથા આરાધના કેન્દ્રની વ્યવસ્થા છે.
- ચિંચણના દરિયાકિનારે પૂ. મુનિશ્રી સંતબાલજીનું સમાધિસ્થળ તથા મૌન-એકાંત સાધનાસ્થળ આવેલ છે.

● સિવણવર્ગમાં બહેનોને સિલાઈ શીખવવામાં આવે છે. તેની પરીક્ષા લેવાય છે. પ્રમાણપત્ર આપવામાં આવે છે તથા સિવણ શીખીને પગભર થનારને સિવણ મશીન પણ અપાવી દેવામાં આવે છે.

● મુનિશ્રીના અપ્રગટ સાહિત્યનું સંશોધન સંપાદન અને અન્ય અધ્યાત્મ સાહિત્યનું પ્રકાશન થાય છે. 'વિશ્વવાત્સલ્ય' માસિકનું પ્રકાશન થાય છે.

● ૐ મૈયા કુદરતી ઉપચાર કેન્દ્ર દ્વારા આયુર્વેદ, યોગ, ધ્યાન અને કુદરતી ઉપચાર અને ચિકિત્સા શિબિરોનું આયોજન થાય છે.

● માતૃસમાજ, કામાગલી, ઘાટકોપર અને સી.પી. ટેંક મુંબઈમાં બહેનોને સ્વરોજગારી લક્ષી કાર્યક્રમમાં ફરસાણ, અથાણા, પાપડ, ખાખરા, મસાલા વગેરેનું ઉત્પાદન અને વેચાણ કરવામાં આવે છે.





## મુનિશ્રી સંતબાલજી પ્રેરિત સંસ્થાઓ

(૧) ભાલનલકાંઠા પ્રાયોગિક સંઘ, ગુંદી
(૨) વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘ, મુંબઈ
(૩) મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર, અમદાવાદ
(૪) ભાલનળકાંઠા ખાદી ગ્રામોદ્યોગ મંડળ, રાણપુર
(૫) ભાલનળકાંઠા સઘનક્ષેત્ર સમિતિ, રામપુરા ભંકોડા
(૬) વિશ્વવાત્સલ્ય ઔષધાલય, ગુંદી
(૭) વિશ્વવાત્સલ્ય છાત્રાલય, ગુંદી
(૮) ભાલનળકાંઠા શિક્ષણ સંસ્કાર સમિતિ, ગુંદી
(૯) ભાલનળકાંઠા ખેડૂત મંડળ, ગુંદી
(૧૦) ચુવાળ પ્રદેશ સંકલન ગ્રામ વિકાસ મંડળ, રૂદાતળ
(૧૧) ચુવાળ પ્રદેશ શિક્ષણ સંસ્કાર સમિતિ, રૂદાતળ
(૧૨) સંત સેવક સમુદ્યમ પરિષદ, ઈન્દોર
(૧૩) ગોપાલક મંડળ, મજૂર મંડળ, અમદાવાદ
(૧૪) આદિજાતિ પઢાર વિકાસ સમિતિ, ગુંદી
(૧૫) માતૃસમાજ ઉદ્યોગ ગૃહ, ઘાટકોપર
(૧૬) માતૃસમાજ ઉદ્યોગ ગૃહ, મુંબઈ, સી.પી. ટેંક
(૧૭) માતૃસમાજ ઉદ્યોગ ગૃહ, અમદાવાદ
(૧૮) મહાવીર નગર આંતરરાષ્ટ્રીય કેન્દ્ર, ચિંચણ
(૧૯) વિશ્વવાત્સલ્ય અને સંતબાલ એવોર્ડ ફાઉન્ડેશન, અમદાવાદ
(૨૦) ''વિશ્વવાત્સલ્ય'' માસિક, મુંબઈ